॥ ॐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્ગુરૂભ્યો નમઃ ॥

# ॥ વેદ રહસ્ય ॥




પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સચ્ચિદાનંદ સ્વરૂપ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય

## શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી
## અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીની સમાધિ

સમાધિ સ્થળ : મું. ચાણોદ, તા. ડભોઈ, જી. વડોદરા, ગુજરાત.

વર્ષ ૩૭ સંવત ૨૦૭૧ ચૈત્ર, એપ્રિલ – ૨૦૧૫, અંક – ૪



પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીના અધ્યક્ષતામાં
નભોઈ ગાંધીનગર આંતરરાષ્ટ્રીય શ્રી માધવાનંદ આશ્રમનું ઈ. ૧૯૯૯માં થયેલુ ભુમીપુજન.

સંપર્ક : ગોરધનભાઈ – મો. ૯૮૯૮૩ ૨૨૬૫૦

# વેદ રહસ્ય





સંસ્થાપક : મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય
વર્ષ: ૩૭ / એપ્રિલ-૨૦૧૫ / અંક-૪


## અનુક્રમણિકા


૪ કઠોપનિષદ્
કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા)

૮ શ્રી શિવમહિમ્નઃ
કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા)

૯ શ્રીમદ્ ભાગવત મહાત્મય
પટેલ દેવીકાબેન જે. (ઓઝરાળા)

૧૧ આત્મા સો પરમાત્મા...
વિભુતીબેન દવે (વડોદરા)

૧૩ યુવાન મિત્રો, પૈસાની સભાનતા
હસમુખ પટેલ (સુરત)

૧૪ ૩૮ મો નિર્વાણ જયંતિ
કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા)

૧૭ તત્ત્વબોધ કથા સત્સંગ સાર
રેખાબેન આર. મૈયાણી (ભાવનગર)

૨૦ સત્સંગ સમાચાર
સંકલિત

૨૧ સત્સંગ સમાચાર
સંકલિત

૨૨ સત્સંગ સમાચાર
સંકલિત


જય સચ્ચિદાનંદ ૐ

## આત્મષટક સ્ત્રોતમ્

*न मे द्वैषरागौ न मे लोभ मोहौ ।*
*मदो नैवमे नैव मात्सर्य भावः ।*
*न धर्मो न चार्थो न कामो न मोक्ष*
*श्चिदानन्द रूपः शिवोऽहं शिवोऽहम् ।।३।।*

**શ્લોકાર્થ**

द्वेष और राग मेरें नहीं है, लोभ और मोह मेरे नहीं है, मद मेरा नहीं है तथा मत्सर का भी मुझ में भाव नहीं है । धर्म, अर्थ, काम और मोक्ष भी मेरा नहीं है मैं चिदानन्द स्वरूप शिव हूँ ।


**: માધવ પીઠાધિપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી
જગદીશાનંદ સાગરજી
મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક, વરાછા,
સુરત–૩૯૫ ૦૦૬.

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા


## વેદ રહસ્ય


વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૬ વર્ષ જુનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.


લવાજમ તથા લેખો માટે પત્રવ્યવહાર :
**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦


| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

સંકલન કર્ત્રી :- કૃષ્ણા જી. સવાણી
(નવા નાવડા)

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



**ગતાંકથી ચાલુ....**

કે મીરાં બાઈએ કહ્યું કે -

**પરણું તો હું પ્રિતમ પ્યારો,**
**અખંડ સૌભાગ્ય મારો,**
**રાંડવાનો ભય ટાળ્યો રે, મોહન પ્યારા.**

તો જેમ મીરાંબાઈએ નક્કી કર્યુ કે મારે તો અમર જ લેવું છે. એમ સાધકોએ દ્રઢ નિશ્ચય કરવો જોઈએ કે મારે અમર તત્ત્વમાં જ રહેવું છે. અમર જ લેવું છે તો અમર મળે છે. ઈચ્છાઓ સારી ન હોવાથી સારા તરફ રે'વાતું નથી.

**પેલી ભુમી નામ શુભેચ્છા, તેનું લક્ષણ એહ જોને.**

અધ્યાત્મ માર્ગમાં ચડવા માટે સાત ભુમીકાઓ છે. એમાં પેલી ભૂમીકા છે શુભેચ્છા. શુભ એટલે સારું લેવાની, સારું જાણવાની, સારું કરવાની ઈચ્છા. મારે સારું જ કરવું છે તો સારું કોણ કહેવાય ? સત્ય સારું કહેવાય કે અસત્ય સારુ કહેવાય ? ચૈતન્ય સારું કહેવાય કે જડ સારું કહેવાય ? આનંદ સારો કહેવાય કે દુઃખ સારું કહેવાય ? એટલે મારે સત્ય જ મેળવવું છે સત્ય નિષ્ઠ જ થવું છે મારે ચૈતન્યમાં પ્રેમ કરવો છે. મારે આનંદમાં રહેવું છે. મારે અમર જોઈએ છે, મરવાવાળું જો'તું નથી. તો એટલા માટે જયારે ઈચ્છા થાય ત્યારે દ્રઢ અભ્યાસ કરવો -

**સંસાર સઘળો અસત્ય ભાસે,**
**સદ્‌ગુરુ સાથે સ્નેહ જોને.**

રોજ અભ્યાસ કરવો કે આ સંસાર બધો અસત્ય છે.

**સત્ય પ્રભુ સચ્ચિદાનંદ ઘન છે,**
**અખંડ વ્યાપક અવિનાશી.**
**સ્વયં પ્રકાશક ચેતન ઘન છે,**
**આનંદ રુપ ઘટ ઘટ વાસી.**
**એ પ્રભુમાં મન મસ્ત કરી દો.**
**તોડી દો અંતર પડદા.**
**વિષય વાસના વિષ વેલી થી,**
**વહેલા વહેલા થાવ અળગા.**
**આ અવસર આવ્યો છે સારો,**
**જીવનને તમે સુધારો**
**ખોટી ચિંતા દૂર કરીને,**
**અખંડ આનંદ ઉરમાં ધારો.**

એક વાતને હારે હારે તમારા વહેવારને માટે સમજો. ભોગો જયારે તમને કહે આ સંસાર અસત્ય છે. એમ કહે એનો અર્થ વહેવાર ન કરશો એમ નથી કહેતા પણ લક્ષ રાખીને કરજો. અમરનું લક્ષ રાખીને મરવાવાળા પદાર્થો લેજો. મરવાવાળા પદાર્થોને સાધ્ય ન બનાવશો તમારું શરીર તમે લીધું પણ શરીરને સાચવવા માટે લીધું કે શરીરથી અમર આત્માને લેવા માટે લીધું ? જો શરીરથી શરીર માટે લીધું હોય ને તો-

**પુનરપિ જનનં પુનરપિ મરણં**
**પુનરપિ જનની જઠરે શયનમ્ ।**

જેમ ટ્રેન તમે પકડી તો તમે એમાં રહેવા માટે પકડી કે પહોંચવા માટે પકડી ? તો ટ્રેન લીધા વગર જેમ પહોંચાય નહીં એમ શરીર લીધા વગર સમજાય પણ નહીં. તમને આત્મજ્ઞાન આપવું હોય તો શરીર વગર ન ચાલે. એટલે ખોટા પદાર્થો ન લેવા એવો અર્થ નહીં પણ ખોટાને ખોટું જાણીને સાચું મેળવવા મહેનત કરવી કે ખોટાથી મારો દહાડો વળવાનો નથી. એટલે ખોટું લેવું જ નહીં એમ નહીં પણ ખોટું લઈને એના દ્વારા સાચા તરફ જવા તૈયારી કરવી જોઈએ જો તમે ખોટું લેશો જ નહીં તો પછી સાધન વગર આગળ જઈ

પણ નહીં શકાય. એટલે પદાર્થો લેશો જ નહીં એમ નહીં પણ પદાર્થો લેવામાં ને લેવામાં એકલો સમય કાઢશો નહીં થોડો સમય તમારા આત્માના કલ્યાણ માટે પણ વાપરજો. જો ચોવીસો કલાક અસત્યમાં ને અસત્યમાં પડયા રહેશો તો જીંદગી તમારી એમાં ને એમાં બરબાદ-ખુવાર થઈ જશે. આખી જીંદગી એમાં ને એમાં ચાલી જશે. એટલા માટે આ આત્મ કલ્યાણને માટે આ ઋષિઓ મહર્ષિઓએ બતાવ્યું કે પેલો વિવેક ધારણ કરવો કે પરમાત્મા સાચા છે ને બીજું બધું કાચું છે.

**પેલી ભુમી નામ શુભેચ્છા, એનું લક્ષણ એહ જોને,**
**સંસાર સઘળો અસત્ય ભાસે,સદ્‌ગુરુ સાથે સ્નેહ જોને.**

કે સંસાર તો અસત્ય છે તો મારે એકલો સંસાર લઈને બેસી નથી રહેવું. મારે હારે હારે (સાથે-સાથે) એકડો પણ લેવો છે. એટલે હારે હારે પરમાત્મા પણ લેવા છે. જેમ કોઈ મહિલા એકલા મીંડાને લઈને બેસી જાય પણ એકડો ન હોય તો મીંડાની કંઈ કિંમત નથી એમ જેને અમર તત્ત્વ ન મળ્યું હોય અને મરવાવાળા પદાર્થો હોય એ જીવને ચિંતા ચિંતા ને ચિંતા કરાવશે અને જો અમર લીધા પછી મરવાવાળા પદાર્થો લેશોને તો ચિંતા નય થાય. કેમ કે -

**ભલું થયું ભાંગી જંજાળ,**
**સુખે ભજશું શ્રી ગોપાળ** (નરસિંહ મહેતા)

સંસારના પદાર્થો વાપરો, રહે ત્યાં સુધી વાપરો અને જાય ત્યારે જવા દો મારી પાસે અમર તો છે છે ને છે. એટલા માટે પદાર્થો હશે તોય ચિંતા નય ને ન હોય તોય ચિંતા નહીં રહે કેમ કે તમારી પાસે અખંડ અને અમર એવી વસ્તુ છે કે **અખંડ અમરવર હું વરી...** કે અજર અમર અવિનાશી પરમાત્મા આપણા હૃદયમાં કણકણમાં ઘટઘટમાં છે એ અનુભૂતી જેના હૃદયમાં દ્રઢ થઈ જાય એને સંસારના પદાર્થો વધે તોય ભલે ને ઘટે તોય ભલે આવે તોય ભલે ને જાય તોય ભલે. તો ગૃહસ્થાશ્રમમાં પદાર્થો ન લેવા કે જવા દેવા એમ નહીં પણ એમાં રસ ન રાખવો. તો તમે કહો કે રસ ન રાખે તો કેમ મળે ? તમે દુઃખમાં રસ રાખો છો ? બોલો તોય દુઃખના પદાર્થો કેમ આવે છે ? તમારે ઘડપણ નથી જો'તું તોય આવીને ઊભું રહે છે તમારે રોગ ન જો'તો હોય તોય આવીને ઊભો રહે છે.

**નો'તું જોતુને શીદ આવીચુ ને,**
**નો'તી જોઈ તારી વાટ**
**ઘરમાંથી હળવા થયા રે..**
**એની ખૂણે ઢળાવોને ખાટ ઘડપણ કોણે...**

તો કોણે મોકલ્યું ? કર્મથી જેમ આવ્યું. એમ આ જગતના જે પદાર્થો છે ને એ કર્મથી આવશે. ઈચ્છવાની જરૂર નથી. આવે તો આવવા દેવા ને જાય તો જવા દેવા. રસ પરમાત્મામાં રાખવો. શેમાં રાખવો ? બોલો. એટલે પરમાત્મામાં સત્યમાં રસ રાખવો. ચૈતન્યમાં રસ રાખવો આનંદ હોય એમાં પ્રેમ કરવો. એટલા માટે પરમાત્મા પ્રેમને પાત્ર છે. જગત વહેવારને પાત્ર છે. વહેવાર એટલે શું ? કે આવે ત્યારે આવો કહેવું ને જાય ત્યારે જાવ કહેવું. આવે ત્યારે કહેવું 'આવો ભાઈ.' જાય ત્યારે કહેવું જાવ... કેમ કે જગત કોઈ હંમેશા રહ્યું નથી ને રહેશે નહીં.

**આવેલા કોઈ કાયમ ન રહી શકે,**
**ભેળા ભેળા કાયમ ન રહી શકે.**
**આવેલા તો રવાના થવાના,**
**અહીંનું અહીં છોડીને જવાના.**

તો જાગતિક (જગતના) અસત પદાર્થોનો વહેવાર ભલે કરો પણ એમાં રસ ન ધરાવવો. એની આસક્તિ બાંધવી નહીં. એમાં ને એમાં પડયું ન રહેવું. એ અજર છે અમર છે જે અવિનાશી છે શાશ્વત તત્ત્વ પરમાત્મા છે એ પરમાત્મા તરફ જવા માટે આ પદાર્થો ઉપયોગી થતા હોય તો એનો લાભ લેતો રહેવો. ધીરે ધીરે પરમાત્મા તરફ પ્રેમ દ્રઢ કરવો. એ ખાસ આપણી સંસ્કૃતિ છે. એટલે જ નચિકેતા યમરાજાને કહે છે કે સંસારના પદાર્થો તો તમે દેવાના જ છો અને અજર અમર પરમાત્મા મળ્યા પછી મરવાવાળા નાશવાળા પદાર્થોની કોણ ઈચ્છા કરે ? અર્થાત્ સમજુ માણસ કોઈ દિ' કરતાં નથી અને ખાસ ધ્યાનમાં રાખો તમને કોઈ હાડકાં, ચામડા, મળ-મૂત્રના ઢગલામાં બેસાડીને કહે કે લાંબુ જીવન જીવો તો રહેશો ? બોલો ? કોઈ ઉકરડામાં કહે કે આખો દિવસ અહીં બેઠા રહો. તો રહેશો ? સમજુ તો ન બેસે. એમ હાડકાં ચામડાવાળા શરીરમાં લાંબુ જીવીને શું કરવું ? ઘણા લોકો એટલે બોલતા નથી. કે બોલશું તો વહેલા મરી જશું. પણ મરવાનું તો છે જ એટલે સવારે પાઠ કરવો હોય તો રોતા રોતા કરે કે કંઈ મરી જાશું વહેલા ? પણ એક દિવસ મરવાનું તો છે છે ને છે. લાંબુ જીવીને શું કરવાનું ? આ હાડકા ચામડામાં લાંબો ટાઈમ રહીને તમે શું અંદરથી કાઢવાના છો ? તમે તમારા અમર તત્ત્વમાં આત્મ તત્ત્વમાં રહો. એ તો રહેવાનું છે છે ને છે એને કોઈ મારી શકવાનું નથી.

**નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ, નૈનં દહતિ પાવકઃ ।**
**ન ચૈનં ક્લેદયન્ત્યાપો, ન શોષયતિ મારુતઃ ॥**
(ગીતા-અ-૨-૨૩)

તો જાણી જોઈને આયુષ્ય બગાડો એમ અર્થ

નથી પણ પ્રભુના કામમાં આયુષ્ય વપરાય જાય તો કંઈ ગભરાવવાની જરૂર નથી. તમે પૈસા કમાણા ને સારા ખાવા-પીવામાં વપરાય જાય તો પૈસા શું કામ રાખવાના છે ? ખાવા-પીવા માટે તો છે જો ખાવ નહીં ને ખાવા દ્યો નહીં તો પૈસા હોય તોય શું ? કામના ?

**મધમાખી એ મધ ભેળું કીધું, ન ખાધું ન ખાવા દીધું,**
**લુંટ નારે લુંટી લીધું રે, પામર પ્રાણી,**
**તારે હાથે વપરાશે, એટલું જ તારું થાશે,**
**બીજું તો બીજાને જાશે રે, પામર પ્રાણી.**

(મીરાંબાઈ)

એમ શરીરમાં પણ સમજી લેવાનું પૈસામાં તો સમજી ગયા. એમ આયુષ્ય છે ને ભગવાનની ભક્તિમાં ને જ્ઞાનમાં સારામાં નહીં વાપરોને તો પડયું પડયું બીજે શ્વાસ તો લેવાના છો છો ને છો. કે નહીં લ્યો શ્વાસ ? કેમ કે અંદર શ્વાસ હશે ને તો ગમે ત્યાં દોડશો ને બોલશો. આમ તો ખોટું બોલવું હોય ને તો મોટી મોટી લાંબી જીભ કાઢીને બોલે પણ જો પાઠ કરવાનો હોયને તો કહે મારી વાણી ચાલતી નથી. ભજન ગાવાનું હોય ત્યારે નો ગાય. બીજી અમથી લાંબી લાંબી જીભ તાણવી હોય ત્યાં તાણે એટલે વ્યર્થમાં લોકો જીવન વિતાવે છે પણ સારે માર્ગે વિતાવતા નથી. એટલા માટે ધ્યાનથી યાદ રાખો પ્રભુના કામમાં શરીર ઘસાય જાય ધન વપરાય જાય તો કોઈ દિવસ ગભરાવું નહીં કેમ કે એ જ આપણું લક્ષ છે. લક્ષમાં વપરાય એથી કંઈ આપણું નુકસાન થતું નથી. એટલે ઝાઝું જીવાય એ કંઈ આગ્રહ રાખવાની જરૂર નથી પણ સારું જીવાય એ આગ્રહ રાખવો. કેવો રાખવો ? બોલો, સારું જીવન જીવાવું જોઈએ. તો તમે લાંબુ જીવીને કંઈ ન કરો ને પડયા પડયા સાઠ વરસ કે સો કે ૫૦૦ વરસ જીવીને શું કરી નાખો ? એટલે તમારે નકામું વ્યર્થ જીવન લાંબો ટાઈમ જીવવા નહીં પણ સારું કરીને જલ્દી જલ્દી પોતાનું કામ પતાવીને તમે અહીંથી નાસિક જાવ પણ કંઈ ચાલો નહીં, ડોલો નય બેસો નહીં કંઈ આખો દિવસ બેઠા રહો ને નાસિક જઈને આવ્યા કે મારા પૈસાય નો વપરાણા ને પ્રાણ નો વપરાણો ? ત્યાં કર્યું  શું ? જોયું શું ? ત્યાં ખાલી જઈને પાછા આવ્યા. એમ આ મનુષ્ય જન્મમાં આવીને કંઈ કરો નહીં વાપરો નહીં ભલે લાંબુ સો વરસ  જીવ્યા પણ, કર્યું દુનિયામાં શું ? કે ખાઈ-પીને વયા જાવ. એટલે જો જીંદગીમાં પ્રાણ શ્વાસ નહીં વાપરો તો પોતાનું જીવન નહીં વાપરો તો પડયું પડયું સડી જવાનું છે. એટલે આત્મ કલ્યાણ માટે મનુષ્યે નિરંતર પ્રયત્ન કરવો જોઈએ. સંસારના પદાર્થો ઓછા-ઝાઝા થાય, મળે ના મળે એનાથી કંઈ ગભરાવવાની જરૂર નથી. જેમ પૈસાનો મોહ છોડોને એમ પ્રાણનો મોહ પણ છોડવો. શેનો મોહ છોડવો ? બોલો. કેમ કે જીવો પ્રાણના મોહમાં પડયા પડયા રહે એને આસુરી વૃતિ કહેવાય.

**અસુષુ પ્રાણેષુરમન્તિ ઈતિ અસુરાઃ પ્રાણ પોષતાઃ ।**

કેવળ પ્રાણનું પોષણ કરવાવાળા હોય ને એ દેવ હોયને તોય અસુર કહેવાય છે. એને કેમ કે દેવોમાં ને અસુરોમાં બીજુ કંઈ નહીં પણ કેવળ પ્રાણ પોષણ કરવા માટે જે જીવતા હોયને 'મારે તો આ ખાવું ને મારે આમ જીવવું ને આ નો ખાઈ તો આમ મરી જઈએ એવું ચિંતન કરે છે પણ હું અમર છું એનું ચિંતન કરતા નથી. શરીર તો ગમે તે કરશો તોય એક દિવસ મરવાનું તો છે છે ને છે. જયારે અમર આત્મા છે એનું ચિંતન કરોને કે-

**ચિદાનંદરૂપઃ શિવોહં શિવોહં (આત્મષટ્ક)**

શરીર પાંચ વર્ષ વહેલું જાય કે મોડું જાય શરીરનું પ્રારબ્ધ પુરુ થશે ત્યારે તે જવાનું છે છે ને છે. તમે નહીં વાપરો તો બે વરસ મોડું જશે તોય જશે જશે ને જશે. અને લાંબુ જીવીને નહીં વાપરો તો કામ શું ? પૈસા હશે પણ નહીં વાપરો ને લાંબા ટાઈમ સુધી ભેગા કરે શું મળવાનું ? એટલા માટે હજી પૈસાનું તો વ્યાજ ય આવશે પણ શરીરનું તો કંઈ વ્યાજ વ્યાજ આવવાનું નથી. એટલા માટે શરીરને લાંબુ રાખવા કરતાં સારું વાપરવાની તૈયારી કરવી હિંમત વાળું રહેવું તો જીવનમાં ઉપર અવાય છે નહીંતર પછી નીચે પડયા પડયા પશુની જેમ જીંદગી જાય છે. કેમ કે જીવ પોતાના સ્વાર્થ માટે શ્વાસ લેવા માટે જીવન જીવતો હોય છે એ કોઈ દિવસ જીવનમાં મહાન બની શકતો નથી જેને મહાન બનવું હોય એને ઘસાવું જ જોઈએ. એને જીવનમાં વપરાવું જ જોઈએ. જો નહીં વપરાય તો કોઈ દિવસ આગેવાન થઈ શકતા નથી. એટલા માટે ખાસ કરીને, હિંમત રાખવી એટલે નચિકેતા કહે છે -

**अजीर्यताममृतानाम् पेत्य जीर्यन्मर्त्यः क्रधःस्थः प्रजानन।**
**अभिध्यायन् वर्णरतिप्रमोदानतिदीर्धे जीविते को रमेत॥**

**अतिदर्धे जीविते को रमेत** કે આ નાશવાળા ભોગોમાં રહીને લાંબું જીવવાની શું જરૂર છે? એટલા માટે મારે લાંબાં જીવનની જરૂર નથી. મારે ભોગોની જરૂર નથી. મારે તો આત્મજ્ઞાનની જરૂર છે. આ નચિકેતાએ આપણા માટે સમજાવ્યું કે આપણે આવો લક્ષ રાખવો જોઈએ. ભલે વસ્તુ મળે તો રાખવી એવું નહીં કે ફેકી દેવી એવો અર્થ કોઈ નથી પણ ઉપયોગમાં લેવા માટે બતાવ્યું કે ભક્તિમાં ઉપયોગ થતો હોય તો આયુષ્ય પણ ભલે વયું જાય તે ધન

પણ ભલે વયું જાય ને મન પણ ભલે વપરાય જાય કેમ કે એ વાપરવા માટે જ ભગવાને આપેલું છે એટલે હવે કહે છે

**यस्मिन्निदं विचिकित्सन्ति मृत्यो**
**यत्साम्पराये महति ब्रुहि नस्तत् ।**
**योऽयं वरो गूढमनुप्रविष्टो,**
**नान्यं तस्मान्नचिकेता वृणीते ॥ २६ ॥**
**॥ १-१-२६ ॥**

**यस्मिन् इदम् विचिकित्सन्ति मृत्यो** કે હે મૃત્યો ! હે યમરાજા ! આ બધી શંકાઓ અનાદિ કાળની છે કે મર્યા પછી આત્મા રહે છે કે નથી રહેતો એટલા માટે આ જ્ઞાન મને કૃપા કરીને આપો. આ **योडयं वरो गूढमनुप्रविष्टो** કે આ સમજવું એ ગુઢ છે એટલે અઘરું છે એ આંખે દેખાતું નથી એટલે લોકો માની શકતા નથી કે શરીર પછી આત્મા હશે કે નહીં ? તો બોલો, દુનિયા બધી ન માને ! તો તમારામાં કેટલો વિશ્વાસ થાય છે ? જો ન થતો હોય ને તો ગુરુને શંકા કરીને પૂછી લેવું. મનમાં ને મનમાં મૂંઝાતું રહેવું નહીં. ઘણા લોકો શું ! સમજે નહીં ને માને નહીં ને મનમાં ને મનમાં મુંજાયા કરે આપણે સમજતા નથી ને આમનામ દેખાદેખીથી માનીએ છીએ પણ દેખાદેખીથી માનતા હોઈએ તો કોઈને પૂછી લેવુ જોઈએ એટલા માટે ગુરુ પાસેથી જ્ઞાન લેવાની વિધિ છે.

**તદ્વિદ્ધિ પ્રણિપાતેન, પરિપ્રશ્નેન સેવયા,**
**ઉપદેક્ષ્યન્તિ તે જ્ઞાનં, જ્ઞાનિનસ્તત્ત્વદર્શિનઃ.**
(ગીતા-અ-૪-૩૪)

જ્ઞાની પુરુષોની પાસે જ્ઞાન લેવા માટે પેલા નમસ્કાર કરવા પછી પ્રશ્ન પૂછવા પછી સદ્‌ગુરુની સેવા કરવી અને સંશયો બધા મટાડી દેવા.

**સંશય પાર કરે સોઈ સદ્‌ગુરુ,**
**નહીં તો ગુરુ કૈસે કહાવે,**
**કહે કબીર સોઈ સદ્‌ગુરુ પુરા,**
**આપાપુ વિસરાવે,**
**જગતમાં ગુરૂ વિના કોણ જગાવે.**
**વૈદ્ય વેદના કછુવે ન જાણે,**
**કહો વૈદ્ય કૈસે કહાવે,**
**જડી કછુ ઔરા દરદ કછુ ઔરા,**
**કહો રોગ કૈસે જાવે,**
**જગતમાં ગુરૂ વિના કોણ જગાવે.**
**જોગી જંગમ સબ હમ દેખે,**
**કરમ ધરમ બતલાવે,**
**મત દીપક લેઈ કરમ દેવે,**
**ભિન્ન ભિન્ન ભરમાવે,**
**જગતમાં ગુરૂ વિના કોણ જગાવે.**
(મહાત્મા શ્રી કબીર સાહેબ)

તો જાગી જવું એટલે સમજવું. જાગવું એટલે શું ? બોલો ? એટલે સમજવું જોઈએ કે આ શરીરની અંદર રહેલો આત્મા શરીર મર્યા પછી રહે છે કે નથી રહેતો અને રહે છે તો ક્યાં જાય છે ? શું એની ગતિ થાય છે ? એનો વિચાર કરીને સમજવું જોઈએ અને ન રે'તો હોય તો પ્રશ્ન જ નથી. તો બોલો, બહેનો નક્કી છે કે રે' છે કે નથી રે'તો. તો રહે છે એ દ્રઢ કરો. પછી ક્યાં જાય છે ? કેમ જાય છે ? શું જાય છે ? એનું વર્ણન આગળ બતાવશે. તો પ્રથમ પ્રશ્નની અંદર આ કઠોપનિષદ્‌માં પ્રથમ અધ્યાયમાં પ્રથમ વલ્લી કહેવાય છે. તો પ્રથમ વલ્લીની અંદર નચિકેતાએ નક્કી કર્યુ કે મારે એ જ વરદાન જોઈએ છે એટલે મારે આત્મજ્ઞાન જોઈએ છે તો હવે એની જરૂર શું છે ? એ ભજનો દ્વારા સમજો. નરસિંહ મહેતાએ કહ્યું કે -

**જયાં લગી આતમા તત્ત્વ ચીનો નહીં,**
**ત્યાં લગી સાધના સર્વ જૂઠી.**

તો જયાં સુધી તમે આત્માને ઓળખશો નહીં આત્મા કયાં છે ? કેવો છે ? એ જાણશો નહીં ત્યાં સુધી તમારું બધુ કરેલું જુઠુ થઈ જશે. કેમ જુઠું થઈ જશે ? બોલો, શરીર માટે કરો છો કે આત્મા માટે કરો છો ? શરીર માટે કરો છો ?... જો એટલે જુઠુ થઈ ગયું કે નય. શરીર જુઠુ છે તો શરીર માટે કરેલું પણ જુઠું થઈ ગયું. કેમ કે શરીરનો મોહ જીવને એટલો છે કે આખો દિવસ શરીરને માટે જ... એટલે એને આત્માની ખબર જ નથી. એટલા માટે શરીરની કિંમત વધારે કે આત્માની કિંમત વધારે ? બોલો બહેનો. એટલા માટે સારું સાચવજો નકર -

**પાંચ પચ્ચીસના ઝઘડામાં,**
**હિરલો ખોવાયો તારો કચરામાં.**

જીવો કચરો સાચવે છે પણ હિરા-મોતી સાચવતા નથી.

**અમૃત રસને ઢોળી દઈને(૨)વિખ હળાહળ પીધું રે,**
**સંસારી જીવે પ્રભુ સાથે હેન ન આણ્યું,**
**પાંચ પચ્ચીસ પચાસ થયાં પણ,**
**રૂદે જ્ઞાન ન આવ્યુ,**
**અંગો અંગ સહુ શીથીલ થયાં પણ (૨)**
**પ્રભુનું ભજન ન ભાવ્યું રે,**
**સંસારી જીવે પ્રભુ સાથે હેત ન કીધું.**
(સ્વામી પ્રિતમદાસજી)

**ક્રમશ...**

# શ્રી શિવમહિમ્નઃ સ્તોત્રમ્

સંકલન કર્ત્રી :- કૃષ્ણા જી. સવાણી
(નવા નાવડા)

## પ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય ચાતુર્માસ ૨૦૧૧, સુરત.

**ગતાંકથી ચાલુ....**

એટલે સંસાર છે એ પરમાત્માને સિદ્ધ કરે છે. એટલે કોઈ ઈન્કાર કરી શકે નહીં. પરમાત્માનો જે ઈન્કાર કરતા હોયને એ કેવળ મોહથી કરે છે. એકે કીધું ને બીજાએ કીધું ને ત્રીજાએ કીધું અને એ કયારે એ બધું કહે છે જયારે એની પાસે સંસારના બધા પદાર્થો આવી જાય છે ને ત્યારે અને કાંઈ ન હોય ત્યારે શું હોય છે ? ત્યારે એને બધે ભગવાન દેખાય છે કે ભગવાન મારી ઉપર કૃપા કરે ને તો બધુ મળે અને જયારે મળે છે ને પછી એ પરમેશ્વર ઉપર વિચાર કરવા લાગે છે કે હશે કે નહીં ? એમ કહે. આવા વ્યક્તિને અહીં પુષ્પદંતાચાર્યજીએ 'હતધિયઃ' કહેવામાં આવે છે. કહે છે કે જેની બુદ્ધિ બેડ મારી ગઈ છે. હવે જો આવા હતધિય છેને એ પરમેશ્વરના વિષયમાં શું શંકા કરે છે ?

એ કહે છે કે જો ઈશ્વર જ આ સંસારને બનાવવાવાળો હોય તો **'સ ધાતા કિમ્ આધારઃ ?'** અચ્છા, જો એ પરમેશ્વર, ઈશ્વર છે એ જો જગતનું નિર્માણ કરવાવાળો હોય એને બેસવા માટે જગ્યા જોઈએ. કુંભાર છે એ ઘડો બનાવે તો એને બેસવા માટે જગ્યા જોઈએ કે નહીં ! કે એ બનાવવા બેઠો. હવે, આવા લોકો પરમેશ્વરના વિષયમાં એવી ચર્ચા કરે છે કે ભગવાને જયારે સંસારની રચના કરી તો કઈ જગ્યાએ બેસીને કરી ? આ તર્ક બહુ સમજવા જેવા છે હો.... આપણી તો કલ્પનામાં પણ ના આવે. કલ્પના કરો તોય તમને એમ થાય કે આવી કલ્પના ! પણ જે હતધિયઃ છેને એ આવી કલ્પના કરે છે અને એ પાછા એવું કહે છે કે જો વહેવારમાં એવું દેખાય છે વ્યવહારમાં કોઈપણ વ્યક્તિ જે વસ્તુ બનાવતો બનાવતો હોય તો એને કોઈને કોઈ બેસવા માટે પેલા આધાર જોઈએ. જુલા હો (વણકર) છે એ વસ્ત્ર બનાવે છે તો એ જગ્યા જોઈએ કે ન જોઈએ ? બેસવા માટે જગ્યા, આંખ જોઈએ કે નહીં. તમારે મશીન મૂકવા હોય એમ્બ્રોડરી તો પેલા ગાળો જોઈએ કે ન જોઈએ ? એ રોડ ઉપર થોડા મૂકી શકાય ! અરે, રોડ ઉપર ગમે ત્યાં આધાર તો જોઈએ જોઈએ ને જોઈએ. તો પેલા એ વ્યવસ્થા કરવી પડેને. તો એ કહે છે કે જો પરમાત્માએ કંઈ બેસીને સંસારની રચના કરી હોય તો એ જયાં બેઠા'તા એ શું હતું ? એ સંસાર છે કે બીજું કાંઈ ? કુંભાર જેમ જમીન પર બેસે યા પૃથ્વી ઉપર બેસે કે ગમે ત્યાં બેસે તો એ સંસાર પેલા જોઈએ કે નહીં ? બેસવાની જગ્યા જોઈએને. હવે, પરમેશ્વરે તો હજી સંસાર ઉત્પન્ન કર્યો જ નથી હજી તો સંસારને બનવાની વાત છે તો પરમેશ્વર એ બનાવવા જયારે બેઠા તો કંઈ જગ્યાએ બેઠા'તા ? જે જગ્યાએ બેઠા'તા એ સંસાર હતો કે બીજું કાંઈ ? તો તમે કહો કે એ તો સંસાર જ હશેને. કોઈને કોઈ જગ્યા જ હશેને તો એ જગ્યા સંસારની બહાર છે કે અંદર છે ? જો બહાર હોય તો પછી એ શું છે ? અને અંદર હોય તો સંસાર પેલેથી સિદ્ધ થઈ ગયો. તો પછી એને બનાવવાની શું જરૂર ? સમજાય છે ? એટલે એ કહે છે કે પરમેશ્વર જો સંસાર બનાવતા હોય તો એને માટે જગ્યા જોઈએ. **'કિમ્ આધારઃ ?'** શેની ઉપર બેસીને એ બનાવે છે જેમ કુંભારને બેસવા માટે જગ્યા જોઈએ એમ ભગવાન જયારે આ સંસારને ઘડવા બેસે ત્યારે એને કંઈ જગ્યા તો જોઈએને.

પછી પાછા આગળ શું કહે છે ? **'કિંકાય'** જો કુંભાર ઘડો બનાવેને તો એને શરીર જોઈએ. કુંભાર જયારે ઘડો બનાવે તો હાથ જોઈએ કે ન જોઈએ ? ઘડાનું પેટ મોટું કરવા માટે હાથ તો જોઈએ હાથ જોઈએ એટલે એકલા હાથથી કામ ચાલે કે ? હાથ છેને એ શરીરની દ્રષ્ટિ કરે છે એકલા હાથ કંઈ કરી શકતા નથી એટલે શરીર જોઈએ તો જો પરમેશ્વરે જયારે સંસારની રચના કરી તો પરમેશ્વરનું શરીર કેવું હતું ? હાથની તો આવશ્યકતા પડી હશેને. તો એ બે હાથવાળા હશે, બે પગવાળા હશે, બે કાનવાળા હશે. જો શરીર ધારી હશે તો પછી શરીર છે એ જ સંસાર છે તો સંસાર તો પેલેથી સિદ્ધ થયો તો પરમેશ્વરને બનાવવાની શું જરૂર છે ? એટલે આ તો બધુ એની જાતે બની ગયું. શરીર પેલા કે સંસાર પેલા ? શરીર એ સંસારનો હિસ્સો છે અને પરમેશ્વર જો હજી સંસાર બન્યા પેલા શરીર ધારી હોય તો એ શરીર કયારે બન્યું? એ શેનું બન્યું ? એવો પ્રશ્ન ઊભો કરે છે. ચાલો, શરીર છે એમ માની લીધું એ લોકો કહે છે

**ક્રમશ...**

**॥ શ્રધ્ધાંજલિ ॥**

ખડોલ (હળદરી) ગામના સ્વ. બાબુલાલ અંબાલાલ પટેલ સંવત ૨૦૭૧ ફાગણ વદ ૧૦, તા. ૧૬/૩/૨૦૧૫ ને સોમવારના રોજ માધવ ચરણ પામેલ છે. ઈશ્વર સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ બક્ષે, વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલિ અર્પે છે.

# શ્રીમદ્ ભાગવત મહાત્મય

પટેલ દેવીકાબેન જે.
ઓઝરાળા

શ્રીમદ્ ભાગવત પૂરાણ સમ્રાટ છે. પુરાતન હોવા છતાં નિત્ય નૂતન છે. જે રીતે નદીઓમાં ગંગા શ્રેષ્ઠ છે. જેમ ભગવાન શંકર શ્રેષ્ઠ છે. એમ એક પ્રકારે પુરાણોમાં આ ભાગવત શ્રેષ્ઠ છે. ગંગા વર્ષોથી વહે છે. પ્રાચીન છે. છતાં તેનુ જળ વહેતું નૂતન છે. આ જળ વાસી થતું નથી. એમ આ કથા પૂરાતન છે આના અર્થઘટન બદલાય પણ નિત્ય નૂતન છે. દરેક સમસ્યાનો ઉકેલ આ કથા દ્વાર મળે છે. એક જ ઘાટ પર બધા સ્નાન કરે છે પણ વહેતુ જળ બદલાય છે. કારણ વહેતું પાણી છે. પાણી બદલાય છે એટલે હરપલ એ નૂતન છે. આ પૂરાણ ભાગવત નિત્ય નૂતન છે. 'શ્રીમદ્' શબ્દ પુરાણનો મુગટ છે. ભગવદ્ ગીતાને શ્રીમદ લાગે છે. અર્થ 'શ્રી' થી યુકત છે. શ્રીમદ્ એટલે શ્રી - સૌંદર્ય - ભકિત અનેક અર્થ છે. ભાગવત ચાર અક્ષરનાં આ શબ્દ છે. એમાં ચાર પ્રકારની પુરુષાર્થની ચર્ચા છે. ધર્મ- અર્થ - કામ - મોક્ષ આ ચારેયની ચર્ચા છે. ભાગવતમાં ભકિત ભરવાની શકિત આમાં છે. સૌના હ્દયમાં ભગવદ્ પ્રેમ જાગૃત થાય. ભગવાને બ્રહ્માજીને ભાગવત ચર્ચા કરી બ્રહ્માજીએ પોતાના પુત્ર નારદજીને કરી અને કહ્યું તમે વિચરો અને આ ભાગવતની ચર્ચા કરો. જે પ્રકારે ભગવાનમાં મનુષ્યને પ્રેમ થાય એ પરમાત્મામાં અનુરાગ થઈ જાય. માટે હે નારદ, તમે આ પ્રયોજન સાથે ભાગવત કથા સુનાવો. પ્રયોજન શ્રીમદ્ ભાગવત ભકિત પ્રદાન ગ્રંથ છે. આ ગ્રંથ કહેવા માટે ભકિત પુર્વક હ્દય હોવું જરૂરી છે. પ્રધાનતા ભકિતની છે. વકતા સંત હોય અને શ્રોતા સમર્પિત હોય. આ ચાર ને કેવી રીતે સિદ્ધ કરવુ એ ભાગવત સમજાવે છે. સગુણ ઉપાસક હોય કે નિગુણ ઉપાસક હોય પણ તેનો મહિમા ભાગવત કથામાં છે. કલિકાળમાં વિશેષ છે. સનાતન સત્ય છે. ચારે યુગોમાં એનો મહિમા છે. આ સ્વરૂપે જે ભાગવત છે તે ભલે વ્યાસજી દ્વારા રચાયું હોય પણ વર્ષોની વાત છે. વ્યાસજી દ્વારા રચિત શુકદેવજી દ્વારા કથિત અને પરિક્ષિત દ્વારા સાંભળેલી છે એ વાત છે. આદિનારાયણે સંભળાવ્યું હશે કયારે પણ વહેતું વહેતુ અત્યારે કલિમાં વહે છે. આ કાલચક્ર ચાલ્યા કરશે પણ આ કથા શાશ્રત છે કારણ એનું મૂળ સાચું છે. આદિનારાયણના મુખમાંથી પ્રગટી છે. વહી છે. શરૂઆત થઈ તે પછી આપણા સુધી આ ગંગા આવી છે. આતો વહેતો પ્રવાહ છે. તેથી તેને ભાગવત કહે છે. આ ભાગીરથી ગંગા આજ પણ વહી રહી છે. ભાગવત કથાને ત્રણ દેવો સાથે સંબંધ છે. શંકર ભગવાન રામકથા સંભળાવે ઘણી વાર ભાગવત કથા પણ સંભળાવે છે. શિવજી બોલેને પાર્વતી સાંભળે શિવજી એટલે વિશ્વાસ અને પાર્વતી એટલે શ્રદ્ધા છે. વિશ્વાસ બોલેને શ્રદ્ધા સાંભળે છે. વિશ્વાસ અનુભૂતિનો પ્રસાદ છે. જેણે આ તત્ત્વને જાણ્યું સાંભળ્યું અને જોયેલું છે. તે તત્ત્વદર્શી છે. વિશ્વાસ વકતા હોય અને શ્રદ્ધા શ્રોતા હોય પછી એ કથા થાય એ કથા થાકને હરે. આ કથા નિર્ભય ભય હરનારી છે. આ ગંગા અડધેથી સુકાતી નથી. કારણ આનું મૂળ સાચું છે. આ કથા ગંગા ભુકિત અને મુકિત બંને દેનારા છે. સંસારની સમસ્યા પણ આ કથા ગંગા માધ્યમ છે. ચોથો પ્રકાર છે મોક્ષ. ચારેય યુગોનો આ મહિમા, ચાર અક્ષરથી કારણ તેનું મૂળ સજડ છે. ભાગવત્નો ચાર અક્ષરનો અર્થ ભા એટલે પ્રકાશ, ગ એટલે જ્ઞાન, વ એટલે વૈરાગ્ય અને ત એટલે તપ થાય. જે ભાગવત રૂપી સૂર્ય જીવનના આકાશમાં ઉગે છે. બધાને પ્રકાશિત કરે છે. એ સ્વયંપ્રકાશી છે. સૂર્ય ઉગેને રાત્રિ જાય. સૂર્ય ઉગેને સૂતેલા જાગે. સૂર્ય ઉગે ને જાગેલાને પોતાનું ભાન થાય. ભાગવતરૂપી સૂર્યનો જ્યારે ઉદય થાય ત્યારે મોહ રાત્રી જાય. મોહ નિશા મટી જાય. તો મોહ કયાંથી ટકે ? મોહનો નાશ થઈ જાય. ક્ષય થયો. ક્ષય થાય એટલે મોક્ષ થઈ જાય. સૂતા સૂતા સ્વપ્ન આવે ને તૂટી જાય એ સત્ય નથી. કયારેય તૂટે નહીં ને અખંડ રહે તે સત્ય છે. ભાગવત્ આધ્યાત્મિક દીપ છે. એ અંતઃકરણના અંધારાને દૂર કરે છે.

ભાગવત ગ્રંથ સંત અને દીવ્ય જ્યોતિ સ્વરૂપ છે. ગુરુ શબ્દનો અર્થ ગુ એટલે અંધકાર, રૂ એટલે પ્રકાશ. જ્ઞાનથી અંધકાર જાય.

**''ધન્ય ગુરુ દેવા મારા ધન્ય ગુરુ દાતા રે**
**ગુરુજી એ શબ્દ સુણાવ્યો રે.............**
**ગુરુજીનો મહિમા પલ પલ રે વખાણુ**
**મનના સઘળા પાપ જાય રે........**
**ધન્ય ગુરુ દેવા મારા.........''**

ભગવાન તો દર્શન આપે ત્યારે આપે પણ ગુરુ તો તમને સાક્ષાત્ પ્રત્યક્ષ દર્શન આપે તો તેનાથી વંચિત રહીએ તો તે અભાગિયો છે. ગુરુ ભગવાને

પ્રકાશ કરીને મને જગાડયોને સંસારથી ઉઠાવી “હું કોણ છું ?” તેનું ભાન કરાવ્યું. કયાંથી આવ્યો છે ? કયાં જવાનો છે ? તેનું તમને ભાન થાય. શું આપણું કોમ્પ્યુટર ભગવાને બનાવ્યું. જાગતાની સાથે જ ભાન થાય. કોણ છું જગતમાં કયાંથી આવ્યો. જગદીશ પાસેથી આવ્યો છું. કેમ આવ્યો ? આનુ પ્રયોજન શું છે. તેના હેતુનું ભાન થાય. સ્વરૂપનું ભાન - જ્ઞાન થાય. ઈશ્વરથી વિખુટો પડી આ જીવ સંસારમાં આવ્યો છે. જે હેતુ લઈને આવ્ય તે સિદ્ધ કરવાનું છે. સૌએ પોતાના કર્તવ્યમાં લાગવાનું છે કે મારું કર્તવ્ય શું છે? તેનું ભાન થાય. શેના માટે આવ્યા તેનું ભાન થાય. એ હેતું એ સત્યને પામવા માટે જે સહીએ તે તપ. દેવોને પણ દુર્લભ એવી આ ભાગવત કથા છે. શુકદેવજીને કહ્યું આ અમૃત ને પરિક્ષિતને પીવડાવો. પરિક્ષિતને સાતમને દિવસે મરવાનું છે તેથી આ અમૃત આપો જેથી તે અમર થઈ જાય. શુકદેવજી બોલ્યા તમે અમને મુર્ખ સમજો છો ? તમારા અમૃતના બદલામાં આ કથા અમૃત ન અપાય. એનું વિતરણ થાય એનું વિકરણ થઈ શકતું નથી. અમૃતના બદલામાં આ કથા અમૃત માગનારો ભકત વિવેકી નથી. જે તપસ્વી નથી તેને કયારેય ન અપાય. આ દેવો સ્વાર્થી છે. સહેજ કષ્ટ પડે તો સહન ન કરે ભગવાન પાસે દોડી જાય. આ કથા અમૃત પરમાર્થકો માટે છે ભકતો માટે છે. તમારે સ્વાર્થી માટે નથી. આ સમુદ્રના મંથનમાંથી પ્રગટેલું છે પણ આ કથા અમૃત ભગવાનના હૃદયમાંથી પ્રગટેલું છે. અમૃતને લઈને દેવો દાનવોમાં યદ્ધ થયું. સંઘર્ષ - ઝઘડો ઊભો કરાવ્યો. જ્યારે આ કથા અમૃત જ્યાં સંઘર્ષ હોય ત્યાં શાંતિ ઊભી કરે. હે દેવો તમારું અમૃત તમને અમર કરી દે તેવું પણ આ કથા અમૃત અભય કરી દે. તમે અમર થયા પણ અભયત્ત્વને નથી પામ્યા. દેવો થયા કરતાં સાચા ઈન્સાન બનવું સારું છે. રાવણને મારવો હોય તો ભગવાનને પણ મનુષ્ય બનવું પડે. મોહરૂપી રાવણને મારવા માટે તો એક વસ્તુ છે. સાચા ઈન્સાન બનવું પડે. દેવ શરીર એટલે ચાંદી અને મનુષ્ય શરીર એટલે લોઢું. તો તમે શું પસંદ કરશો. એ પહેલા સૂચન કર્યું છે કે એક પારસમણી સ્પર્શ કરવાનું છે. તો તમે શું પસંદ કરો. તો ભકિતના સત્સંગનો પારસમણિનો સ્પર્શ માનવને કરે તો સોનું બની જાય. પછી તો દેવયોનિ કરતાં વધારે મહત્ત્વ આ મહાપુરુષોનું છે. વાત એટલી છે કે આ પારસમણિનો સ્પર્શ કરી લો. બેઠા બેઠા કટાઈ ન જાતાં. ભકિતના સત્સંગનો સ્પર્શ કરી લો. તો ઈન્સાનમાંથી ભગવાન બની જવાય. નરમાંથી નારાયણ બની જવાય. માનવ બનવાનો અવસર છે. એ અવસરને સ્વીકારીએ. દેવતાઓ તમે એને માટે યોગ્ય નથી. જે અધિકારી યોગ્ય છે. એવા આ પરિક્ષિતને પીવડાવ્યું. આમ રાજા અમર થયા. સાત દિવસના શ્રવણથી મુકિત મળે. જેમ ઘી વગરનું ભોજન વાંઝિયુ ગણાય તેમ ભગવાનના ભજન વગરનો દિવસ જાય તો વાંઝિયો દિવસ જાય.

વ્યાસજી કહે છે કે જે લોકો સંસારમાં નિર્ધન છે તે લોકો ધનવાન છે. જેવા હૃદયમાં ભકિત-ભગવાન બેઠેલા છે. ભગવાન પણ પોતાનું ધામ છોડી ને ભકતોના હૃદયમાં પ્રવેશ કરે છે. કરવો પડે છે. કારણ ભગવાન ભકિત સુત્રથી બંધાયેલ છે. ભકતની પાસે ભગવાન જાય. શબરીએ ઘર છોડીને યાત્રા નથી કરી. રામે અયોધ્યા છોડી શબરીની ઝૂંપડી સુધી જવું પડયું. કારણ ભગવાન ભકતસુત્રથી બંધાયેલા છે. સર્વદા ભગવાન પરતંત્રથી બંધાય છે. તોય ભગવાન બંધનમાં પ્રસન્ન છે. કારણ પ્રેમનું બંધન છે. પ્રેમનું બંધન અનોખું છે. કાષ્ટમાં છેદ કરવામાં નિપુણ પણ કમળમાં ગંધ ગાન કરે છે. એવો ભમરો ગંધમાં ફસાયેલો ઉડતો નથી. સૂર્ય અસ્ત થતાં કમળ બિડાઈ જાય છે. તો ભમરો લાકડામાં છેદ કરે તો કમળમાં છેદ ન કરી શકે. કારણ તેને પ્રેમ કરે છે. તેને તેના દોષ પણ દેખાતા નથી. એ બંધનમાં ભગવાનને મજા આવે છે. આ ભગવાનની કથા છે. દરેક જગ્યાએ પ્રગટ થઈ દર્શન આપ્યા તો આ માનવ દેહ શા માટે વેડફો છો. અડધી ક્ષણ માટે પીવો આ કથા અમૃતનું પાન કરો...

**॥ શ્રધ્ધાંજલિ ॥**

ચમારડી ગામના (હાલ સુરત) સ્વ. ઉકાભાઈ પરશોત્તમભાઈ મોરડીયા (ઉ. ૭૫) સંવત ૨૦૭૧ મહાવદ ૬, તા. ૧૦/૨/૨૦૧૫ ને સોમવારના રોજ માધવ ચરણ પામેલ છે. ઈશ્વર સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ બક્ષે, વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલિ અર્પે છે.

**॥ શ્રધ્ધાંજલિ ॥**

પાલડી ગામના (હાલ સેલવાસ)સ્વ. લાભુભાઈ દિયાળભાઈ ભરોડિયા (ઉ. ૫૫) સંવત ૨૦૭૧ ફાગણ વદ ૩, તા. ૯/૩/૨૦૧૫ ને સોમવારના રોજ માધવ ચરણ પામેલ છે. ઈશ્વર સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ બક્ષે, વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલિ અર્પે છે.

# આત્મા સો પરમાત્મા, પરમાત્મા સો પરમગતિ.

વિભુતી દવે
વડોદરા

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

એક મહાનગરીમાં ઉચ્ચકોટી એવા વણીક નામનો શશિધર શેઠ રહેતા હતા. તેમના ધંધા રોજગારમાં પણ સારી એવી બરકત હતી. તેમનો નિયમ હતો કે રોજ સવારે નિત્યક્રમ બ્રહ્મમર્હુતમાં નદિમાં સ્નાન કરવા જતા હતા. આમને આમ ઘણા વર્ષો વિતી ગયા. તેમના લગ્ન ઉત્તમ ઘરની કન્યા નામે ભાગ્યવતિ સાથે થયા.

સંસ્કાર, સોર્ય અને શુસીલતા તેમના રોમે - રોમમાં હતી. આ કન્યા ભાગ્યવતિને ભાગ્યની પણ બલીહારી હતિ. તેમના શુભ પગલા ઘરમાં પડતા જ ધંધામાં સારી એવી બડોતરી થવા લાગી. આનિ સાથે જ ભાગ્યવતિના જીવનનો પણ ઉદય થયો. અને જેવી રીતે ચંદ્રમાં પુનમના દિવસે સોળેકળાથી ખીલી ઉઠે છે. તેમ તે પણ ચંદ્રના પ્રકાશ સમાન તેજ સહિત ગર્ભવતિ બનિ અને પુર્ણ નવમાસ થતા પુત્રરત્નની પ્રાપ્તિ થઈ. જોત જોતામાં આ પુત્ર પણ પાંચ વર્ષનો થયો.

કહેવાય છે કે મોરનાં ઈંડાને ચીતરવા નથી પડતા તેમ માતા-પિતાના સંસ્કાર સહિત પુત્ર પણ પિતા આચરણને અનુરૂપ થઈને પિતાની સાથે રોજ સવારે સ્નાન કરવા માટે સાથે જવા લાગ્યો તેના નાના-નાના કોમળ હાથોમાં પિતા રોજ સોના મહોર આપતા અને તેના હાથેથી દાન કરાવતા કહેવત છે ને

**વડ જેવા ટેટા અને બાપ જેવા બેટા**

તેને સાર્થક બનાવી. આમ વર્ષો વિતતા તે પુત્ર પણ ૧૫ વર્ષનો થયો. ત્યાં પિતા શશિધર શેઠનો દેહ વિલય થયો. ત્યાં જ શાણો અને સમજદાર પુત્ર ઉપર પૂર્ણ જવાબદારી આવી પડી. પુત્રએ વિચાર કર્યો કે મારા પિતા હવે રહ્યા નથી. તે ૧ મુઠ્ઠી સોનામહોર દાન આપતા હતા. તો હવે રોજ હું ૨ મુઠ્ઠી સોનામહોરનું દાન કરીશ. આમ કરતા ૨ વર્ષ વિતી ગયા. પુત્ર સોપાન ૧૭ વર્ષનો થયો. રોજ સ્નાન કરવા ઘણા સમયથી ત્યાં નદીના કિનારાની નજદીક આવતા જ તે ઘણા યુવાનો જે રંગે કાળા પણ તેજોમય તેવા યુવાનોને જોતા જ સોપાનથી દૂર ખસી જતા. અને સોપાનને રસ્તો આપી દેતા. ઘણા દિવસ આમ થવાથી સોપાનના મનમાં શંકા ઉત્પન્ન થઈ કે આ યુવાનો મને જોતાની સાથે દૂર કેમ ખસી જાય છે.

તેથી તેમની સમિપમાં જઈને પ્રશ્ન કર્યો કે ભાઈ આપ મારા આગમનથી દૂર જઈને ઉભા રહો છો તે માટે મારા મનમાં શંકા ઉત્પન્ન થઈ છે. તો આપ કૃપા કરીને મને તેનું કારણ જણાવો. ત્યારે તેમાનો એક યુવાન થોડુ આગળ વધીને કહે છે. કે ભાઈ અમો બધા યમના દુતો છીએ. તમારા પુણ્યના તેજથી અમો દૂર ખસી જઈએ છીએ. તમારા પુણ્યના કર્મે તમે અમોને તમારી આંતરીક્ષ દષ્ટિથી નીહાળી શકો છો.

આમ સાંભળતા જ સોપાનના મનમાં એક ઉત્તમ વિચાર થયો કે આ યમદુતોને મારુ આયુષ્ય કેટલું છે. તે પુછાવી લેવું જોઈએ તો આગળના જીવનમાં મારી ભકિતનો ટાઈમ વધારી શકું. સોપાન પોતાનું સ્નાનકર્મ પતાવીને યમદુતો પાસે જઈને નમસ્કાર કરી કહેવા લાગ્યો. કે ભાઈ તમો મારૂ એક કામ પતાવિ આપશો. મારો એક સવાલ યમરાજાને પુછી લાવશો. કે મારુ આયુષ્ય કેટલું છે તે મને જાણવા મળે તો આનંદ થશે. યમદુતોએ કહ્યું કે ભાઈ તમારા જેવા પુણ્યશાળી માટે એક કામ કરવાથી અમને પણ ઘણો આનંદ થશે. બીજા દિવસની સવારે જ્યારે સોપાન પોતાનો નિત્યકર્મ પતાવીને યમદુતો પાસે પોતાના સવાલનો જવાબ મેળવવા માટે ગયો. ત્યારે યમદુતો જરા ખસીને દુર જવા લાગ્યા. તો સોપાને કહ્યું ભાઈ મારો જવાબ આપ્યો કે નહીં. ત્યારે યમદુતોએ કહ્યું કે ભાઈ તમારો જવાબ તો મળી ગયો પણ અમને કહેતા સંકોચ થાય છે. કારણ કે અમને તમને કહેતા ખચકાટ થાય છે. ત્યારે સોપાને કહ્યું કે હે ભાઈ તમો વિના સંકોચ મને મારું આયુષ્ય જણાવી શકો છો કારણ કે હું મારા દેહનો મોહિ નથી.

ત્યારે યમદુતોએ જણાવ્યુ કે ભાઈ તારું આયુષ્ય ઘણું જ ટુકુ(નાનુ) છે. તમારી આયુષ્ય રેખા. ૧૭ વર્ષ પૂર્ણ થઈને ૧૮ માં વર્ષના દિવસે તમારા લગ્ન થશે. અને તેજ રાત્રીના ૧૨ વાગ્યાના સમયે તમારું મૃત્યુ થશે. સોપાન આટલું સાંભળી યમદુતોને કહ્યું કંઈ વાંધો નહીં. વિધીના લેખ પર કોઈનો મેખ હોતો નથી. જે ઈશ્વરનું છે તે તેની પાસે જવાનું છે. આમ કહી નમસ્કાર કરી ઘરે ગયો.

આમ કરતા ૬ માસ વિતી ગયા. તેમની માતા તેમના લગ્ન માટે પંડીત ને બોલાવીને સગાવહાલા સાથે મળી ઉત્તમ ઘરની કન્યાની તપાસ કરવા લાગ્યા. આ જાણ સોપાનને થતા માતા ને વિનંતી કરી કે મા હમણા મારે લગ્ન નથી કરવા. પણ રાજહઠ - સ્ત્રીહઠ - બાળહઠ આગળ કોઈનું ચાલતુ નથી. તેમ આમા પણ કાંઈ ના થયું. અને માતાની આજ્ઞા અનુસાર પુત્ર સોપાન પરણવા માટે તૈયાર થયો. પણ સાચી વાત તો તે પોતાની માતાને પણ બતાવી શકે

તેમ નહી હોવાથી ભગવાન જે કરે તે સારા માટે જ કરે છે. તેમ વિચારીને ભગવાન ઉપર છોડી દીધું. આમ જતા લગ્નના દિવસો નજીક આવતા ગયા. સોપાન પોતાનાથી થાય તેટલું દાન પુણ્ય કરતો. અને ભકિત પણ કરતો. સમય જતા વાર નથી લાગતિ લગ્નનો દિવસ આવી ગયો. બધા સગાવહાલા, તેમની માતા, મુકતમને આનંદ વિભોર બનિ લગ્નના મધુર ધ્વનિમાં ગીતો ગાતા. અને હર્ષ ઉલ્લાસ સાથે સોપાનના લગ્ન સંપન્ન થયા.

પુત્ર અને પત્રવધુના વધામણા થયા. ઘરમાં પગ મુકતા જ બધા સગાવહાલા, મિત્રોએ ખુબ-ખુબ વધાઈ આપી. પુત્રવધુ સુનિતી તે પણ સંસ્કારી ઉંચાકુળની વણીક કન્યા હતી. તેને પણ પુણ્ય પ્રતાપે સોપાન જેવા પતિની પ્રાપ્તિ થઈ.

સગાવહાલા, મિત્રો બધાથી બચીને સોપાન પોતાની પત્નિ પાસે જઈને કહેવા લાગ્યો કે આજે તમને જે કાંઈ રસોઈ બનાવતા આવડતી હોય તે બધુ જ તમો બનાવો. મારે તમારા હાથની રસોઈ જમવી છે. માતાએ આ શબ્દો સાંભળતા જ કહ્યું કે ભાઈ આજે જ જેના લગ્ન થયા છે. તેની પાસે મારાથી કાંઈ કામ ના કરાવાય. ત્યારે સોપાને કહ્યું કે માતા રસોઈયાનીના હાથની રસોઈ તો હું રોજ જમું છું પણ મારે આજે મારી પત્નિના હાથની રસોઈ ભગવાનને થાળ ધરાવીને મારે જમવું છે.

જેના ઘરમાં નોકર ચાકર જી-હજુરી કરતા હોય તેવા ઘરમાં નવોઢા (નવી પરણેલી) રસોડામાં જઈને રસોઈની તૈયારી કરવા લાગી. દિકરાનું વર્તન જોઈ માતાથી ના રહેવાયું. એટલે પોતાના પુત્રને બોલાવી અને કહેવા લાગ્યા કે જુઓ બેટા તમારા સંકલ્પો શું છે તેની મને જાણ નથી. પણ જ્યારે ઘરમાં પુત્રવધુ આવે ત્યારે એમ કહેવાય છે કે મારા પુત્રથી પણ વધારે કોઈ મારા કુળની પ્રગતિ કરનાર મારા ઘરમાં લક્ષ્મી સ્વરૂપે પધારી. છતાં પણ ભગવનનો ભોગ ધરાવવા માટે હું તારા કામમાં વિધ્ન નહીં કરું. આમ વાત સમજાવી માતા પોતાના કામમાં વ્યસ્ત થયા. બીજીબાજુ સોપાનની નજર ઘડીયાળના કાંટા ઉપરથી હટતી જ નથી કે નાની સરખી પારકા ઘરની દિકરીની મારા મૃત્યુ બાદ કેવી પરિસ્થિતી થશે અને મારી માતાની પણ શું હાલત થશે. ત્યાં જ સોપાનના મિત્રો તેની પાસે આવી ને કહે દોસ્ત આજે પિકચર (સિનેમા) જોવા માટે આપણે બધા જ જઈએ. સોપાને જણાવ્યું ભાઈ આઠ વાગી ગયા છે. આવતિ કાલે જઈશું. બધાનું માન રાખીને તુ ચાલ અમારી સાથે. એમ કહીને બધા દોસ્તો જબરદસ્તી સિનેમા જોવા માટે લઈ ગયા. સોપાને પોતાની પત્નિને કહ્યું તમો જે રસોઈ બનાવો તે બધી જ સોનાની થાળીમાં પીરસીને ભગવાન પાસે થાળ કરવા માટે મૂકી દેજો.

બધા મિત્રો હસીખુશીને વાતો કરતા હતા. સોપાન ઘડીયાળના કાંટા જોયા કરતો. આમ કરતા ૧૨ વાગી ગયા. બધા સિનેમાં પૂર્ણ થતા ઘરે આવ્યા. પણ સોપાનને કાંઈ ના થયું સોપાન વિચારમાં પડી ગયો કે આમ કેવી રીતે બન્યું. પણ જે કામ ભગવાન ભરોસે છોડી દો તો સારું જ થાય. આ બાજુ ઘરે સોપાનની પત્નિ સુનિતી, ૧૦ વાગ્યાની થાળી ભગવાન પાસે મૂકી સોપાનની રાહ જોતિ હતી. ત્યાં જ બહારથી અવાજ સંભળાયો કે ભાઈ - બહેન કોઈ મને થોડું જમવાનું આપો. મારી પત્નિને સુવાવડ આવી છે. બે દિવસથી કાંઈ જમી નથી. ભુખી તળવળે છે. આ અવાજ સાંભળતા જ ભગવાન પાસે મુકેલો થાળા સુનિતીએ તે માંગનારને બોલાવીને આપી દીધો અને કહ્યું તમારી પત્નિને જમાડી દેજો. અને સોનાના થાળી વાડકા છે. તે વેચીને બીજુ જમવાનું સીધું સામગ્રી લેતા આવજો. પેલો ભાઈ હરખાતો - હરખાતો પોતાની સુવાવડી પત્નિને જઈને જમાડીને ખુશ થયો. જેના પેટમાં બે દિવસથી અન્નનો દાણો પણ નહોતો ગયો. અને સુવાવડની અસહ્ય પીડા સહન કરીને જે સ્ત્રીને ભોજન લેતાની સાથે જ ભગવાન ને બે હાથ જોડી પ્રાર્થના કરી કે ભગવાન જેણે મારું પેટ ઠાર્યું, ભગવાન તેવી જ રીતે તું તેનો ચુડી-ચાંદલો અમર રાખજે અને તેના આત્માને શાંતિ આપજે.

સુનિતીને કયારે શાંતિ મળે જ્યારે તેનો પતિ જીવંત રહે ત્યારે. તો આત્માનો પોકાર હતો. તો પરમાત્માએ સાંભળ્યો. અને સોપાનનું આયુષ્ય દિર્ઘાયુષ્ય કરી દીધું.

બીજીબાજુ સોપાન ઘરે આવ્યો. આખી રાત્રી ઉંઘ આવી નહીં. સવાર પડતા જ સોપાન નદીએ ગયો. ત્યાં યમદુતો ને કહ્યું ભાઈ તમારી ભવિષ્યવાણી ખોટી પડી ૧૮ વર્ષે મારું લગ્ન થયું પણ હું જીવિત છું. તો શું થયું તમો યમરાજાને પુછી લાવજો. બીજા દિવસની સવારે યમના દુતોએ સારી હકિકત જે રાત્રીના સમયે બની હતી તે જણાવી સોપાન ઘરે આવીને સુનિતી અને તેની માતાને બોલાવીને પુછ્યું કે તમોએ જે જમવાનું આપ્યું હતુ તેના પુણ્યના પ્રતાપે અત્યારે હું હયાત છું. તમારી સમકક્ષ છું.

એટલે આપણા વડીલો કહેતા ભાઈ કોઈનો આત્મા ના દુભાવશો. આત્મા દુઃખી તો પરમાત્મા દુઃખી, આત્મા સુખી તો પરમાત્મા સુખી.

જય સચ્ચિદાનંદ

# યુવાન મિત્રો : પૈસાની સભાનતા

હસમુખ પટેલ
સુરત.

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

કુદરતી રીતે જ ભગવાન બધી જ રીતે માણસ પૈસાવાળો અને સમૃદ્ધ થાય તેની બધી જ રચનાઓ વિપુલતાનો અનુભવ કરે એમ ઈચ્છે છે. અને છતાં જીવનમાં આપણામાંના ઘણા આ વિપુલતાના આશીર્વાદ સાથે કદમ મિલાવવાની આવડત ગુમાવી દે છે. એવું લાગે છે કે આનંદ અને સમૃદ્ધિ હંમેશા બે ડગલાં આગળ હોય છે અને એના સુધી પહેંચાતું જ નથી. તમને સફળતા અપાવવા માટે અવરોધક કારણો છે. તમારી કાર્ય કરવાની અણઆવડત માટે નાના ડગલાં ભરો પણ યોગ્ય દિશામાં. જો તમે અસફળ થાઓ તો તેને શીખવા માટેના પ્રયત્નો ગણો અને આ મુલ્યવાન વિચાર હંમેશા તમારા જીવનમાં ઉતારો તેથી કાર્ય કરનાર બનો. કયારેય કોઈ પૈસા કાર્ય કર્યા વગર મળ્યા નથી કે મળશે નહીં. મહેરબાની કરીને તમારા મનમાં કોતરી રાખો કે "જાણવું એ કરવું નથી, પણ ફકત કરવું એ જ કરવું છે." જ્યારે તમે કાર્ય કરી જાત અનુભવ મેળવો ત્યારે બધા ફાયદા તમારી પાસે આવતા જાય છે.

આપણામાંથી ઘણાં આપણી નાણાકીય સમસ્યાઓ આ રીતે ઉકેલે છે. એકની ટોપી બીજાને માથે. એક સારા ચાલતા ધંધાનો નફો બીજા ખોટમાં ચાલતા ધંધામાં નાખવો. આ બધા હંગામી ઉકેલ છે. અને લાંબે ગાળે ખતરનાક પૂરવાર થાય છે. આ તો એવું થયું કે એક ખરાબ માળી ઝાડના સૂકાયેલા પાંદડા અને ફૂલોને પાણી આપે છે જ્યારે ખરેખર તો ઝાડના મૂળને પાણી પાવુ જોઈએ. સારી નાણાકીય આદતો સતત કાળજીપૂર્વકની વ્યવસ્થા અને દેખરેખ, પૈસાને લગતી કોઈપણ સમસ્યા અટકાવી શકે છે. હંમેશા મિત્રો કાયમી નાણાકીય ઉકેલ શોધો અને આવા ઉકેલનો અમલ આજથી જ કરો. પૈસા પોતાની મેળે બિલકુલ નુકશાનકારક નથી તે પોતાની સ્થિતિમાં જ રહે છે. પૈસાનું સલામતીભર્યું યોગ્ય સંચાલન કરશો તો તમારા હાથ દાઝશે નહીં. પૈસા અસ્કયામતો અને રીત-રીવાજોની સાથે સાથે વારસામાં પૈસા સાથે કેવો વ્યવહાર કરવો તે પણ મળે છે. પૈસા સાથે કેવો વ્યવહાર કરવો એ તમને વારસામાં મળે છે. જેની આધારશીલા તમારા માતા-પિતા, કુંટુંબ અને આખો સમાજ તમારી વર્ષો સુધી કેવી પરવરીશ કરે છે તેના પર છે. તમારા જીવનમાં તમે પણ જે જુદાં જુદાં અનુભવોમાંથી પસાર થાઓ તેના આધારે તારણો કાઢો ઘણીવખત આપણાં તારણો સચ્ચાઈથી ખૂબ જુદા હોય છે.

તમને શેર બજારમાં નુકશાન થયું હોય તો તમે એવું તારણ ન કાઢી શકો કે "રોકાણ એ જુગાર છે તેથી રોકાણ ન કરવું." તમે વેપારમાં પૈસા ખોયા તેનો અર્થ એ તો નથી કે બધા માટે વેપાર ખરાબ છે.

શિસ્ત=સ્વતંત્રતા=વિપુલતા.- આ બધી શોધેલી સજાગતા તમારા જીવનના બીજા ક્ષેત્રોમાં પણ વાપરો. પૈસાએ આંકડાની રમત છે. તમારા જીવનમાં આવતો અને જતો દરેક રૂપિયાનો હિસાબ રાખો. તમારી પાસે પૈસાને સ્પર્શતી દરેક દરેક વિગત હોય તો તમે પૈસા પર કાબુ મેળવી શકો છો. ચોખ્ખો અને યોગ્ય હિસાબ ધંધાથી રાખો. યોગ્ય હિસાબ રાખવાથી નાણાકીય મુશ્કેલીઓ જેવી કે પષ્કળ ખર્ચ કરવો કે બચત ન થવી જેવા કારણોથી બચી શકાય છે. વધારે ખર્ચ થયો હોય તો બીજે મહિને યોગ્ય પગલા લઈ તેમાં કાપકૂપ કરી શકો છો.

"જીવનમાં સફળતાનો આધાર તમે તમારી જાત માટે શું અનુભવો છો તેના પર છે." જેમ જવાબદારી મોટી તેમ તમારી શક્તિઓનો વિકાસ પણ વધારે થાય છે. તમારા વ્યાવસાયિક ધંધામાં સ્વભાવનું ઘણું મહત્ત્વ છે. તમે કોઈપણ ધંધામાં બદલાતી દુનિયા સાથે કદમ મિલાવીને તે પ્રમાણે ચાલશો તો ફાયદામાં રહેશે. પૈસાનો દરેક દરેક સોદો માણસથી જ થાય છે. તમે જેટલો જલદીએ ચહેરો ઓળખી કાઢો અને એની સાથે સંબંધો વિકસાવો. તેટલો તમારો અનુભવ વધારે ને વધારે સમૃદ્ધ બનશે. તમો માલિક હો તો તમારા કામદારો સાથેની પાંચ મિનિટની વાતચીત તમને સારું એવું વળતર આપી જાય છે. કામદાર તમાર સ્ટાફને માન આપો તેને મહત્ત્વ આપો. ધંધામાં તમારી લાગણી અને અંતરઆત્માનો સાથ લઈ ખૂબજ સબુકાઈથી તેમની વ્યકિતગત હોશિંયારી અને કૌટુંબિક સમાચારની પૂછપરછ કરીને તેનો પ્રેમ હંમેશા જીતો તમારી સહજ લાગણી તમારા કામદારની સંપત્તિ અને સમૃદ્ધિ સાથે જોડાયેલી છે. માયાળુ શબ્દો વાપરો. દરેક જગ્યાએ "ચમત્કારીકસ્યશે" વિકસાવો. કોઈપણ નવી ક્ષણને આવકારો કારણ એ આવતી ક્ષણ તમારી છે. પૈસાદાર, આનંદી અને સમૃદ્ધ બનવું એ તમારો જન્મસિદ્ધ હક્ક છે. એના ઉપર પૂરી શ્રદ્ધાથી હક્ક અજમાવો અને આજથી તમારી જીંદગી સૌથી અદ્‌ભૂત બની જશે. સદાય આનંદમાં રહો તેવી મંગળકામના સાથે. - જય શ્રી કૃષ્ણ.

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

**પ. પૂ. બ્ર. સ્વામી શ્રી જયાનંદજી મહારાજ**

મુમુક્ષુ ભાઈઓ તથા બહેનો,

આજે આપણે પ.પૂ.પ્રગટ બ્રહ્મસ્વરૂપ અનન્ત શ્રી વિભૂષિત તપોમૂર્તિ સ્વામી શ્રી શિવોહં સાગરજી મહારાજ શ્રીનો ૩૮મો નિર્વાણ જયંતિ મહોત્સવ શ્રદ્ધા, ભકિત અને ભાવ પૂર્વક મનાવી રહ્યા છીએ. ૩૮ વર્ષ પહેલા તેઓ આ પંચ ભૌતિક શરીર છોડીને નિર્વાણ પદને પ્રાપ્ત થયા હતા. તે પદ પ્રાપ્ત કર્યા પછી કયારેય દુઃખનો અનુભવ કરવો પડતો નથી. મોક્ષનું સ્વરૂપ છે આત્યંતિક દુઃખની નિવૃત્તિ અને પરમાનંદની પ્રાપ્તિ એ જ આપણું સાચું ઘર છે. જે આપણું નથી તેને આપણુ માનીને અપાર દુઃખ પ્રાપ્ત કરીએ છીએ. એટલે જ પ્રિતમદાસજીએ કહ્યું -

**અણછતું આપું માનીને, દુઃખ પામે અપાર**
**શ્વાન સમાન આ જીવડો, વહે શકટનો ભાર**
**સાંભળ શદ્ધ ચિત્તે કરી**

જે આપણા પ્રારબ્ધમાં છે તે મળવાનું જ છે. પ્રયત્ન તો પરમાત્માની પ્રાપ્તિને માટે જ કરવાનો છે. પણ આપણી ગતિ ઉલટી છે એટલે જ કહ્યું છે

**તારી ઊલટી છે ગતિ ને મતિ,**
**ભજન કેમ કરતો નથી**
**તારો દેહ રહેવાનો નથી,**
**ભજન કેમ કરતો નથી**

જેમાં પ્રયત્નની જરૂર છે તેમાં નથી કરતા પ્રારબ્ધમાં લખ્યુ છે તે નહી જોતું હોય તોય આવવાનું જ છે. મહા પ્રયત્ન તો બ્રહ્મરૂપ થવા માટે જ કરવો જોઈએ. ભલે દુઃખ આવે કે સુખ આવે. એવો દઢ નિશ્ચય કરવો જોઈએ કે મારે આ મનુષ્ય જીવન સાર્થક કરવું જોઈએ. આ શરીર તો અનિત્ય છે. એટલે ભજનમાં કહ્યું -

**મોતિડા એ રણમાં રોળાય,**
**ફટકીયા હોય તે ફુટી જાય**
**ખરાની ખરી ખબરું થાય,**
**એવું કે છે તોરલ.......**

હીરો જેટલો ઘસાય એટલો ચમકે છે. જીવનમાં જેટલું દુઃખ સહન કરીશું તો જીવન સફળ બને છે. તેથી સુખ આવે દુઃખ આવે તેની પરવા કરવી જોઈએ નહીં. અને આ શ્રદ્ધાંજલી આપણા માટે જ રાખવામાં આવે છે. કારણ કે આ નિમિત્ત છે એના દ્વારા નિર્વાણ પદ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તે બતાવે છે અને આ શ્રદ્ધાંજલી સાચી ત્યારે જ કહેવાય કે આપણે સંકલ્પ કરીએ કે મારે પણ નિર્વાણ પદ પ્રાપ્ત કરવું છે એ જ સાચી શ્રદ્ધાંજલી છે.

સદ્‌ગુરૂ દેવકી જે......

**પ.પૂ.સ્વામી શ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ**

તત્ત્વજીજ્ઞાસુ ભાઈઓ બહેનો માતાઓ,

આજ આપણે બધા જાણીએ આપણા પરમ ગુરુ અનન્ત શ્રી વિભુષીત સ્વામીજી મહારાજશ્રીની નિર્વાણ જયંતિ મહોત્સવ ઉજવવા એકત્રીત થયાં છીએ. આ ભૂમિ આજે પવિત્ર થઈ ગઈ કહેવાય કારણ કે આ ભૂમિ પર આવા સત્કાર્યો થાય તો ભૂમિ અપવિત્ર હોય તોય પવિત્ર થઈ જાય. **સાધુનાં દર્શનં પૂણ્ય......**

બે પ્રકારના તીર્થો આપણે ત્યા માનવામાં આવ્યા. સ્થાવર તીર્થ અને જંગમ તીર્થ. સ્થાવર તીર્થમાં આપણે સમય કાઢીને ત્યાં જઈએ અને વાસ કરીએ તો લાભ થાય. અને આપણા પાપ દૂર થાય અને ત્યાં જે પૂણ્ય થાય એ કાળાંતરમાં ફળ આપે છે. અને સાધુ એ હરતું ફરતું તીર્થ છે તેના દર્શનથી પૂણ્ય વધે છે. એ જ્યાં વાસ કરે ત્યાં તીર્થ બની જાય છે.

અહીં ડુક્કર ફાર્મ હતું. બે-ત્રણ વર્ષ પેલાની વાત છે. કે અહીં રહેવાનું થયું તો એક વ્યકિત લેવા આવ્યો. ફાર્મનું નામ હતું ગ્રેસ ફાર્મ. ગ્રેસ એટલે કૃપા. આ સુંદર નામની અવેજમાં આવું કામ થતું. આ ભૂમિનો ઉદ્ધાર થવાનો હશે અને યજ્ઞ વગેરે કરીને પવિત્ર કરી અને એવી અંતઃસ્ફુરણા થઈ કે મારે અહીં સ્વામીજીની તીથી કરવી છે. મહારાષ્ટ્રનો આ પેલો પ્રસંગ કહેવાય. હરિદ્વારમાં ઈલ્હાબાદમાં ઉજવાય છે. પ્રયાગરાજ યોગાનંદમાં પણ ઉજવાતો હોય છે. એ બન્ને તીર્થો છે. પણ ગુજરાત બહાર જો તીથી ઉજવાઈ હોય તો તે અહીંયા છે અને લાભુભાઈએ આનું નામ શિવોહં સાગર વાટીકા રાખ્યું. સત્કાર્ય કરવાના હોય

ત્યારે ઈશ્વર પ્રેરણા કરે છે અને તે બધાની અંદર થતી હોય છે અને બીજા બધા કારણો ઉપસ્થિત થાય ત્યારે તે સત્કાર્ય તરફ થતી હોય છે ભગવાન કહે કે હું બધાની અંદર એક સમાન છું. મહાપુરુષોનું જીવન એવું હોય છે તે જીવતા પણ બીજા માટે અને શરીર છુટ્યા પછીપણ બીજા માટે વૈદિક ધર્મ એ બતાવે છે કે મનુષ્ય શરીર યોગ માટે છે ભોગ માટે નહીં.

ગુરુ કૃપાથી સત્કાર્ય થાય જેનાથી જીવન ઉન્નત અને સફળ થાય અને આલોકમાં જ સુખી ન થાય પણ પરલોકમાં સુખી થાય. આપણે સદાચારી બનીએ વહેમ અને વ્યસનને દૂર કરીને જીવન જીવીએ તો જ આપણે સાચી શ્રદ્ધાંજલી દીધી કહેવાશે.

ભગવાન સર્વને સર્વ પ્રકારે સુખી કરે અને સત્કાર્ય કરવા માટે પ્રેરણા કરે....

સદ્‌ગુરૂ દેવકી.......

**પ.પૂ.સ્વામી શ્રી મોહનાનંદ સાગરજી મહારાજ**

શાસ્ત્રમાં બતાવ્યું છે કે,

**પરોપકારાય વહન્તી નદ્યઃ,**
**પરોપકારાય દુહન્તી ગાવઃ**
**પરોપકારાય ફલન્તી વૃક્ષ :**
**પરોપકારાર્થ મિહં શરીરં**

વૃક્ષો પરોપકાર માટે ફળ આપે છે. નદીઓના નીર પરોપકાર માટે વહે છે. ગાયો પરોપકાર માટે દુધ આપે છે. એ રીતે આ શરીર પણ આપણને પરોપકાર માટે મળ્યું છે. આપણા સ્વામીજીનું નામ હતું શિવ અહં શિવોહં, તેઓ શ્રીના બાળપણનું નામ શિવાભાઈ હતું. તેઓ શ્રી બાળ બ્રહ્મચારી હતા.

આપણા સ્વામીજીએ બતાવ્યું

**સકળ ભકતો તણા સંકટ જેની કૃપાથી ભાંગ્યા છે**
**તેઓશ્રીના ચરણ કમળે, કરોડો વંદના મારી**
**જેઓશ્રીના સમાગમથી અખંડાનંદને પામ્યા**
**તેઓશ્રીના ચરણ કમળે કરોડો વંદના મારી**
**અનામી છે છતાં નામી, શિવોહં સાગર સ્વામી**
**તેઓશ્રીના ચરણ કમળે, કરોડો વંદના મારી**

સચ્ચિદાનંદ ભગવાન કી જૈ
સ્વામી શિવોહં સાગરજી મહારાજ કી જૈ

**પ.પૂ.સ્વામી શ્રી ભૂમાનંદ સાગરજી મહારાજ**

ધર્મ પરાયણ ભાઈઓ ભકિત મતી માતાઓ,

આ સુંદર માનવ જીવનની અંદર આપણા દાદાગુરુ શિવોહં સાગરજી મહારાજનો નિર્વાણ જયંતિ મહોત્સવ નિમિત્તે એકત્રીત થયા છીએ. કેટલું સરસ નામ છે 'શિવોહં' એ જ મારું સ્વરૂપ છે. આપણા દાદાગુરુ શિવોહં સાગરજી મહારાજ બ્રહ્મમૂર્તમાં વેલા જાગીને માળા ફેરવતા અને નિજાનંદમાં રહેતા. એ નિજાનંદમાં રહેવું તેનો અનુભવ કરવો ને સાક્ષાત્કાર કરવો એ જ જીવનનું સાફલ્ય છે. તો ગુરુને શરણે જાય અને ગુરુ ઉપદેશ આપે તે પ્રમાણે વર્તન કરે ત્યારે આપણને એમાં રસ લાગે છે નિષ્કામ કર્મ કરવાથી આપણું અંતઃકરણ રૂપી કપડુ શદ્ધ થાય છે. અને ત્યારે તત્ત્વમસિનો ઉપદેશ કરે તો તરત લાગી જાય છે. સાધન ચતુષ્ટય પ્રાપ્ત કરો તો અવશ્ય આપણું જીવન સફળ બને છે. જીવન મુક્તિ એટલે જીવતા જ મુક્ત. મનોવૃત્તિ આત્માકાર બની જાય એનું નામ જીવન મુકિત અને ત્યારબાદ જ્યારે પ્રારબ્ધ કર્મ પૂરા થઈ જાય છે ત્યારે કહેવાય છે વિદેહ મુક્ત. જ્ઞાન દ્વારા એ ત્રણે શરીરમાંથી જડ ચેતનની ગ્રંથી છૂટી જાય ત્યારે શિવોહંનો અનુભવ કરે છે. જેમ નાળીયેર પીવા માટે ઉપરના છાલા કાઢે, કાછલી કાઢે અને ટોપરા કાઢે ત્યારે અંદર અમૃત જેવું પાણી મળે ત્યારે સંતૃપ્ત થઈ જાય છે એ જ રીતે છાલા રૂપી સ્થૂળ શરીર, કાછલા રૂપી સૂક્ષ્મ શરીર અને ટોપરા રૂપી કારણ શરીરને દૂર કરીએ તો આપણને અવશ્ય સાક્ષાત્કાર થાય. સદ્‌ગુરૂ મહારાજના ચરણોમાં એ જ પ્રાર્થના કરીએ કે તેઓએ કૃપા કરીને જે જ્ઞાન આપ્યું તેને દઢ કરીએ એને સાક્ષાત્કાર કરીએ, જીવન મુક્ત થઈએ અને બીજાને પણ જીવન મુક્ત કરીને જીવનને સફળ બનાવીએ.

**પ.પૂ.બ્ર. શ્રી હરિશાનંદજી મહારાજ**

ભાવિક ભકતજનો,

ખૂબ આનંદનો દિવસ છે. આપણા દાદાગુરૂનો નિર્વાણ દિન છે. અને એકત્રીત થયા છીએ તો તેમના વિશે વધુ તો શું કહેવું પણ તેમના દર્શન માત્રથી એમની પવિત્રતા એમની સાધના અને ભજન એ જ તેમનું જીવન હતું. પ્રવચન અને ઉપદેશ કરતા એમનું આચરણ જ મહત્ત્વનું છે. સમયનો પ્રભાવ કહો કે કળી યુગનો પ્રભાવ કહો પણ આજે ભજન ઓછું થતું જાય છે તો બને એટલો વધુ સત્સંગનો લાભ લેતા રહેવો જોઈએ. ભજન તો છે પણ નિષ્ઠાનો અભાવ જોવા મળે છે. જો નીતિ ઉપર ચાલશો અને ગુરૂમાં નિષ્ઠા રાખશો તો અવશ્ય આધ્યાત્મીક મનોરથ સિદ્ધ

થશે. સંન્યાસ એટલે શું? સં એટલે સારી રીતે અને ન્યાસ એટલે ત્યાગ કરવો અને એટલે જ ભાગવતમાં કહેવામાં આવ્યું છે. વાત, પિત્ત અને કફ વાળા શરીરને જે આત્મા માને અને બધામાં પુત્ર પત્નીમાં મારાપણાનો ભાવ કરે અને મૂર્તિમાં ભગવદ્ ભાવના થાય પણ સંતોમાં જેને ભગવદ્ ભાવના નથી તો તે પશુ સમાન છે. આપણા ગુરુ એ શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ હતા. જેને બ્રહ્મમાં જ નિષ્ઠા હતી. ભગવાનની ગુરૂની વિમુખ થવું તે પાપ અને ગુરૂની ભગવાનની સન્મુખ થઈ, તેમાં શ્રદ્ધા રાખી ભજન કરવું તે પુણ્ય છે. આ સંસારમાં રંગ સીવાય બીજું કાંઈ છે નહીં. આ સંસાર એ માયાની છાયા છે તે સિવાય બીજું કાંઈ છે નહીં.

સંન્યાસ વિશે દૃષ્ટાંત છે ગોપીચંદ રાજા. જ્યારે સંન્યાસ લેવા તૈયાર થયા તો તેની માતા મેનાવતી કહે જો કે હે પુત્ર ! તું ત્રણ વાત યાદ રાખજે પેલી એ કે તું કિલ્લામાં રહેજે તો તે કહે કે સંન્યાસી થઈને કિલ્લામાં કઈ રીતે રહેવાય કયારેક ઝુંપડું પણ ના મળે. તો મેનાવતી કહે કે હું તે કિલ્લાની વાત નથી કરતી તું એવા કિલ્લામાં રહેજે કે જ્યાં કામ, ક્રોધ, લોભરૂપી હૃદયના શત્રુ હેરાન કરી શકે નહીં. અને તે છે સત્સંગનો કિલ્લો. બીજી વાત કહે છે કે તું સુખ શય્યા પર સૂજે. તો રાજા કહે કે માં ! કયારેક મહેલ મળે ને કયારેક ખૂલ્લામાં નીચે પણ સુવુ પડે. તો માતા કહે એમ નહી પણ જ્યારે માળા કરતાં કરતાં નિંદ્રા આવે ત્યારે જ તું સુજે ત્યારે ગોપીચંદ રાજાને આનંદ થયો. અને ત્રીજી વાત કહે છે કે હે બેટા ! તું અમૃત ભોજન કરજે. તો તે કહે છે કે માતા ! કયારેક અમૃત ભોજન મળે ને કયારેક ભૂખ્યા પણ રહેવું પડે. તો કહે એમ નહીં પણ તને બરાબર ભૂખ લાગે ત્યારે જ ખાજે. પણ આપણે માનીએ છીએ કે આ પેટ છે એ બરફી, પેંડા મૂકવાની જગ્યા છે. અન્ન છે એ ભૂખ રૂપી રોગની ઔષધી છે. આ ઉપદેશ પ્રમાણે ચાલ્યા તો તેનો સંન્યાસ સફળ થયો.

તો આપણે પણ તે પ્રમાણેનું જીવન જીવવા માટે પ્રયત્ન કરીએ એ જ સાચી શ્રદ્ધાંજલી છે.

**પ.પૂ.મહંત સ્વામી શ્રી પ્રકાશાનંદ ગીરીજી મહારાજ**

પ્રિય સજ્જનો,

ભગવાનની અસીમ કૃપાથી દિવ્ય ભારત ભૂમિની અંદર ભગવાને આપણને માનવ શરીર આપ્યું છે. જન્મો જન્મના પુણ્ય પ્રગટ થાય ત્યારે માનવ જીવન પ્રાપ્ત થાય છે. અમુલ્ય જીવન છે. કિંમતી જીવન છે. માનવ જીવનમાં સત્સંગ મળે તો લાખો કામ છોડીને પણ કરી લેવો જોઈએ. આપણા દાદાગુરૂ કહેતા કે પ્રાતઃકાળમાં બ્રહ્મમૂર્તમાં સ્નાન કરી લેવું. અને લાખો કામ છોડીને ભજન કરી લેવું જોઈએ.

દાદા ગુરૂની સેવા કરતા અમે તેઓશ્રી પીપળીયા ગામમાં બહુ રહેતા. રાતે નવ વાગ્યે સ્વામીજી સૂઈ જાય અને ૧:૦૦ વાગ્યે જાગી જાય અને સમાધીમાં બેસી જાય. હું એકવાર બે વાગ્યે જાગી ગયો તો આંખ બંધ, મો બંધ, તો 'સોહં, સોહં' એવો અવાજ આવે. તમારી અંદર પણ માળા ચાલુ છે. શિવોહં, શિવોહં અને એક શ્વાસ બંધ થઈ જાય તો હરિ ૐ તત્સત્ , તું નિત્ય શુદ્ધ, બુદ્ધ મુકત સ્વરૂપ છે. શિવ સ્વરૂપ છે. જન્મથી માનવ શિવ સ્વરૂપ છે. પણ જીવ કયારે બન્યો ? કારણ કે મારું માન્યું જીવ ને શિવમાં કોઈ ફેર નથી. જીવમાંથી શિવમાં જવું છે કે નહીં. સત્સંગમાં જવાનું એ પ્રયોજન છે કે મારે જીવમાંથી શિવ થવું છે મારું તારું નીકાળો બધુ છોડીને ગુરૂ ચરણે આપણે જવાનું છે.

આટલા દૂરથી આવ્યા છો તો એક નિયમ લઈને ઘરે જશો તો આ સત્સંગ સફળ થશે. અને તો શ્રદ્ધાંજલી આપી કહેવાશે.

**પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રી**

પ્રિય સજ્જનો,

મહાપુરુષોના મુખારવિન્દથી આપણે શ્રવણ કરી રહ્યા છીએ સ્વામીજીના ઘણા પ્રસંગો કહ્યા તો તેઓ જે બોલતા તે બધુ જ પાળતા.

જ્યાં સુધી મહાપુરુષોના શરણોમાં રહી તેના વચનોને જીવનમાં ઉતારવામાં ન આવે ત્યાં સુધી લાભ મળતો નથી. તો વધુ ન કહેતા ગુરુ મહારાજે જે જ્ઞાન આપ્યું તે ઉતારીએ તો પરમાત્મા આપણને શક્તિ સંપન્ન બનાવે, ભૌતિક સંપત્તિથી સુખ સંપત્તિવાન બનાવે આત્મજ્ઞાનના ભાગીદાર બનાવે એવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના.......

**સર્વઽત્રઃ સુખિનાઃ સન્તુ......**

**સર્વે સન્તુ નિરામયાઃ**

**સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા**

**કશ્ચિદ્દુઃખમાપ્નુયાત્.**

# તત્ત્વબોધ કથા સત્સંગ સાર

પરમ પૂજ્ય પરમ આદરણીય સ્વામીજી શ્રી હરિહરાનંદસાગરજી મહારાજના ભાવનગર મૂકામે તત્ત્વબોધ કથા સત્સંગ સાર.......

પરમકૃપાળુ પરમાત્માની પરમ કૃપાથી દેવોને પણ દુર્લભ એવો માનવ જન્મ મળ્યો છે તો આ માનવ જન્મને સાર્થક કરવા માટે મોક્ષના ભાગીદાર બનવા માટે માનવજીવનમાં મનુષ્યને માટે ચાર પુરુષાર્થ બતાવ્યા છે. જે ફકત મનુષ્ય જીવનમાં જ થઈ શકે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થમાં મોક્ષ ને પરમ પુરુષાર્થ માનવામાં આવે છે. કારણ કે મોક્ષ પ્રાપ્ત થયા પછી પુનઃ નાશ થતો નથી. મોક્ષ એ નિત્ય છે. મોક્ષનું ફળ નિષ્કામ કર્મો દ્વારા મળેલ છે. નિષ્કામ કર્મોના ફળ સ્વરૂપે મોક્ષ મળે છે. જ્યારે સકામ કર્મોના ફળ સ્વરૂપે પરલોક (સ્વર્ગ) મળે છે. આ લોકનું સુખ પ્રત્યક્ષ છે સકામ કર્મોનું પુણ્ય ક્ષય થતા પરલોકનું સુખ સમાપ્ત થઈ જાય છે. અને જીવ પાછો આ લોકમાં આવે છે. સકામ પુણ્યકર્મના ફળથી જીવ ઘડીયંત્રની ગતીની જેમ ઉપર - નીચે કાંટો જાયને આવે તેમ જીવ પરલોકમાં ને આલોકમાં જાય છે ને પાછો આવે છે આમ, સકામ કર્મોનું ફળ ભોગવાઈ જાતા નાશ પામે છે. જ્યારે નિષ્કામ કર્મના ફળ સ્વરૂપ મોક્ષનો નાશ થતો નથી. મોક્ષનું સાધન છે વેદાંતશાસ્ત્ર. વેદાંતશાસ્ત્રના વિચાર વગર નિર્વિશેષ મોક્ષ મેળવવાનો બીજો કોઈ ઉપાય નથી. વેદાંત શાસ્ત્ર ગહન છે ગૂઢ છે. સર્વ સુલભ નથી. શંકરાચાર્ય ભગવાને ત્રણ પ્રકારના અધિકારીને ધ્યાનમાં રાખીને સુંદર નાના નાના ગ્રંથોની રચના કરી છે ગીતા, ઉપનિષદ અને બ્રહ્મસૂત્ર ભાષ્યની રચના કરી તેનું અર્થઘટન અને સમજ આપી છે. તેના માટે અધિકારીની આવશ્યકતા છે જો અધિકાર હોય તો જ આ ભાષ્યમાં મનુષ્યનો પ્રવેશ થાય છે અને નિર્વિશેષ મોક્ષ પ્રાપ્ત થાય છે. માત્ર એક ઉત્તમ અધિકારી માટે જ નહીં પણ સઘળા જીવો વેદાંતનું આસ્વાદન કરી શકે એટલે મધ્યમ પ્રકારના જીવો માટે સુંદર ગ્રંથોની અને સ્તોત્રોની રચના કરી છે. અધમ અધિકારી સ્તોત્રો દ્વારા દેવ આરાધન કરી શકે છે.

જેને મોક્ષ મેળવવાની અર્થાત્ મુકિત મેળવવાની તીવ્ર ઈચ્છા હોય તેને મુમુક્ષુ કહેવાય છે. ભગવાન શંકરાચાર્યએ ગીતા, ઉપનિષદ અને વેદનું જ્ઞાન દરેક મુમુક્ષુ જીવને સરળતાથી સમજાય તે માટે વેદના સારરૂપ મુમુક્ષુઓના હિત અર્થે તત્ત્વબોધની રચના કરી છે. આપણા સ્વામીજી મહારાજની દિવ્ય પરંપરા છે. તે મોક્ષ પ્રધાન પરંપરા છે. પુરુષને માટે જ પ્રયોજન હોય તે પુરુષાર્થ કહેવાય છે અને માનવજીવનના ચાર પુરુષાર્થ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ છે. એમાં મોક્ષ પ્રાપ્ત કરવો એ મનુષ્યનો અંતિમ અને પરમ પુરુષાર્થ છે અને મનુષ્ય જન્મની સફળતા પણ એમાં જ છે. ભગવાન શંકરાચાર્યએ તત્ત્વબોધ ગ્રંથની રચનાના મંગલા ચરણમાં બતાવ્યું કે

**વાસુદેવેન્દ્રંયોગિન્દ્રં નત્વાં જ્ઞાનપ્રદાન ગુરૂં ।**
**મુમુક્ષુણાં હિતાર્થાય તત્ત્વબોધોભિધિયતે ॥**

મુમુક્ષુના હિતના અર્થે તત્ત્વબોધની રચના કરું છું આ તત્ત્વબોધ છે તેનો અધિકારી તે મુમુક્ષુ છે. મનુષ્ય નહી.

પરમ પુરુષાર્થરૂપી મોક્ષ છે તેને પ્રાપ્ત કરવા માટે મુમુક્ષુ થવુ જરૂરી છે. વેદમાં મોક્ષ પ્રાપ્ત કરવા માટે ચાર સાધન બતાવ્યા છે તે મુમુક્ષુઓએ પ્રાપ્ત કરવા જોઈએ. વિવેક, વૈરાગ્ય, શમ દમ આદિ ષટ્સંપત્તિ અને મુમુક્ષત્વં. જો સંસારથી છૂટવું હોય તો તેના માટે (મુમુક્ષુ માટે) તત્ત્વબોધ ગ્રંથ છે જેને અજ્ઞાનરૂપી અંધારુ દૂર કરી સંસારથી છૂટવું છે એને ખબર પડે કે હું સંસારથી બંધાયેલો છું. એ જ મોક્ષ માટે પુરુષાર્થ કરશે. સંસારથી છુટવાની ઈચ્છા ત્યારે જ થાય છે જ્યારે અંતઃકરણ શુદ્ધ થાય છે. અંતઃકરણ શુદ્ધ કરવાના સાધનો છે. નિષ્કામ કર્મયોગ, ભકિત તથા સત્સંગ.

જ્યારે અંતઃકરણ શદ્ધ થાય છે ત્યારે જ વિવેક, વૈરાગ્ય, શમ દમ આદિ ષટ્સંપત્તિ અને મુમુક્ષત્વ પ્રાપ્ત થાય છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપી પુરુષાર્થ જો અંતઃકરણ શુદ્ધ હોય તો જ થઈ શકે છે અંતઃકરણ અશદ્ધ હોય ત્યારે તે જીવ સંસારી કહેવાય છે. અંતઃકરણ શદ્ધ થાય ત્યારે જ જીવ મુમુક્ષુ કહેવાય છે.

માનવજીવનના આયુષ્યને ચાર આશ્રમમાં વહેંચવામાં આવ્યુ છે. આયુષ્યના શ્રમનું વિભાગીકરણ એને આશ્રમ કહેવાય છે. જીવ એકસાથે

એકસાથે બધા શ્રમ ન કરી શકે એટલે અલગ અલગ ઉંમર સાથે આશ્રમને વિભાજીત કરેલ છે.

(૧) બ્રહ્મચર્યાશ્રમ (૨) ગૃહસ્થાશ્રમ (૩) વાનપ્રસ્થાશ્રમ (૪) સંન્યાસાશ્રમ.

આપણો સનાતન ધર્મ મોક્ષને માટે છે કયાં આશ્રમમાં શું કરવાનું તે બતાવે છે.

**(૧) બ્રહ્મચર્યાશ્રમ :-** બ્રહ્મચર્યાશ્રમમાં વેદનું અધ્યયન કરવાનું હોય છે. બ્રહ્મચર્યાશ્રમનું આ પ્રધાન

કાર્ય છે અને આ વેદ પ્રતિપાદિત છે. અને સાથે ગુરૂ સેવા કર્યા કરે તો બ્રહ્મચર્યાશ્રમ સફળ થઈ જાય છે. બ્રહ્મચર્યાશ્રમમાં ઉત્તમ કોટીનું જ્ઞાન ન થયું હોય તો આગળ ગૃહસ્થાશ્રમમાં શું કરવું તેની ખબર ન પડે એટલે જ વર્તમાનકાળમાં બ્રહ્મચર્યનો પાયો શું છે તે ખબર નથી. પોતાનું શિક્ષણ ન હોવાને કારણે આજે સમાજ ધર્મ અને મોક્ષના વિષયમાં ભટકેલો છે. આશ્રમના વિષયમાં પણ ભટકેલો છે તેથી પરમ પુરુષાર્થ મોક્ષ સુધી તે પહોંચી શકે કે નહીં તે પણ કહેવું મુશ્કેલ છે. બ્રહ્મચર્યાવસ્થામાં જે વેદ અધ્યયન કરવાનું હોય તે વેદ અધ્યયન થયું જ નથી. આજે જે વિદ્યાર્થીઓ વિદ્યા ભણે છે તેમાં કોઈ તત્ત્વવિદ્યા આવતી જ નથી. આજની વિદ્યાનું એક માત્ર લક્ષ્ય છે ભોગ. કેવી રીતે કરીને સારા પદાર્થો મળે તે જ એક માત્ર ઉદ્દેશ્ય છે. આહાર, વિહાર, ભય, નિંદ્રા અને મૈથુન એ જ વર્તમાન વિદ્યાનું લક્ષ્ય છે. આપણું ધ્યાન કેવળ ભોગ પ્રધાન હોવાથી બાળકનું જીવન પણ ભોગ પ્રધાન થઈ જાય છે. તેમને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પુરુષાર્થ વિશે કાંઈ ખબર નથી. પરંપરા શું છે એ પણ ખબર નથી આપણે પોતે શિક્ષણ મેળવતા નથી પછી દોષ બીજાને આપીએ છીએ. વેદનું અધ્યયન કરી વિદ્યાર્થી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશે તો તેનો ગૃહસ્થાશ્રમ સારો થાય છે. આજે ગુરૂકુળ શબ્દનો અર્થ વ્યવસાય થઈ ગયો છે. ગુરૂકુળનો સાચો અર્થ ભૂસાય ગયો છે. ગુરૂકુળનો અર્થ ગરૂ સેવા કરીને જ્યાં ગુરૂ સાથે રહેવું તેને ગુરૂકુળ કહેવાય અને ત્યાં ગુરૂ પાસેથી વિદ્યા પ્રાપ્ત કરે ગુરૂ પાસેથી ચૌદ મુખ્ય અને ચાર ગૌણ એમ અઢાર વિદ્યા પ્રાપ્ત કરે. ગૃહસ્થાશ્રમમાં કેમ જીવવું એ શિક્ષા ગુરૂજી બ્રહ્મચર્યનું તથા વેદનું અધ્યયન પુરૂ થયા પછી સમજાવે છે કે ગૃહસ્થાશ્રમમાં કેવી રીતે રહેવું.

**(૨) ગૃહસ્થાશ્રમ :–** ગૃહસ્થાશ્રમમાં ધર્મ એ પ્રધાન છે. ધર્મનું અનુસરણ કેવી રીતે કરવું ? વેદનો કર્મકાંડ ગૃહસ્થાશ્રમી માટે છે. વૈદિક પરંપરા પ્રમાણે કર્મ કરવા માટે છે. આપણી પાસે બુદ્ધિ છે. તે કલ્યાણ કરવા માટે છે મોક્ષ પ્રાપ્ત કરવા માટે છે આપણે ત્યાં ભારતીય વૈદિક સિદ્ધાંત પ્રમાણે ધર્મ જે છે એ જીવનમાં સમગ્રતાથી વણાયેલો છે. બ્રહ્મચર્યાશ્રમમાં શિક્ષા અપાય છે કે સત્યં વદ, ધર્મ ચર, સ્વાધ્યાયમા પ્રમદ, અતિથિ દેવો ભવઃ, માતૃ દેવો ભવઃ, પિતૃ દેવો ભવઃ આ સુંદર શિક્ષા અપાય છે એ પ્રમાણે ગૃહસ્થાશ્રમ ઉત્તમ સારો બને છે અને એ કર્યા પછી મનુષ્યમાં વૈરાગ્ય ઉત્પન્ન થાય છે.

**(૩) વાનપ્રસ્થાશ્રમ :–** વાનપ્રસ્થાશ્રમમાં તપ, ઉપાસના કરવાનું હોય છે. ગૃહસ્થાશ્રમ એ મળ નામનો દોષ દૂર કરે છે. વિક્ષેપ નામનો દોષ દૂર કરવા માટે વાનપ્રસ્થાશ્રમ છે. મળ વિક્ષેપ નામના દોષ દૂર થયા પછી આવરણને દૂર કરવા માટે સંન્યાસાશ્રમ છે.

**(૪) સંન્યાસાશ્રમ :–** આવરણ ભંગ થાય અર્થાત્ દૂર થાય એટલે અહંબ્રહ્માસ્મિ એવો અનુભવ થાય છે. અજ્ઞાનની નિવૃત્તિ થતાં જ્ઞાનની વૃત્તિ થાય છે. ગીતા, ઉપનીષદ અને બ્રહ્મસૂત્ર એ આપણા ઘરમાં અવશ્ય હોવા જોઈએ. આપણા જીવનની પૂર્ણતા આ ત્રણ તત્ત્વથી જ છે.

આપણા ઘરમાં ઓછામાં ઓછા દસ ઉપનિષદ અવશ્ય હોવા જોઈએ. ગૃહસ્થાશ્રમમાં સુંદર સાર કર્મો કરવાના હોય છે. અહીં ઉપાસના કરવી કઠિન છે. ચિત્તની સ્થિરતા થવી કઠિન છે. ગૃહસ્થાશ્રમ માત્ર કર્મ કરવા માટે જ છે. ગૃહસ્થાશ્રમમાં આપણી ચારેય બાજુ એવા ધાર્મિક સંગઠનો હોય છે કે વૈદિક ધર્મ શું છે એની કાંઈ ખબર નથી પડતી એટલે ધ્યાન, તપ, ગૃહસ્થાશ્રમમાં સાચા અર્થમાં થઈ શકતા નથી. વૈદિકશાસ્ત્રનો સિદ્ધાંત છે કે ધર્મ જે છે એ વૈદિક છે. વેદ દ્વારા પ્રતિપાદીત છે એમાં મનુષ્ય પોતાની ઈચ્છા પ્રમાણે કરી ના શકે. જો ગમવું અને ના ગમવું એવું ચાલતું હોય તો કોઈ ધર્મ કરવા તૈયાર નથી. વ્યવહારમાં પણ મનની સ્થિરતાની જરૂર પડે છે, મન હંમેશા નીચે તરફ રહે છે અને સંસ્કારથી જ એને ઉંચે ઉઠાવવામાં આવે છે. સાધન વગર મનને ઉંચુ ઉઠાવવાનું કઠિન છે. સંસ્કાર વગર મનનો નિગ્રહ ન થાય. મન શાંત ન થાય. મનની ચંચળતા વિશે સ્વામીજી કહેતા મન મરકટ જેવું છે. વાંદરા જેવું છે. એમાંય એને જો સૂરાપાન કરાવવામાં આવે તો તે વધારે ચંચળ થઈ જાય. અને બરાબર સૂરા ચડે પછી વાંદરાની ચંચળતા જે થાય એ વખતે તેને જો કાળોતરો વિંછી કરડે પછી એ વાંદારાને વિંછી બરાબર ચડે પછી ભૂત વળગે અને જે હાલત થાય તેવી હાલત આ મનની છે. મન એટલું ચંચળ છે. એટલે મનને સ્થિર કરવા માટે જ ગૃહસ્થાશ્રમના કર્મો છે. આપણા મન ઉપર મળ નામનો દોષ હોય ત્યાં સુધી ધ્યાન થઈ શકતું નથી. ઉપાસના કરી શકાતી નથી. ગીતાના છઠ્ઠા અધ્યાયમાં ધ્યાન શું છે ? તેનો અધિકારી કોણ છે ? તે જાણવા મળે છે. ગૃહસ્થાશ્રમમાં ઉચિત કર્મો કરવા જોઈએ.

સત્કર્મો કરતા રહેવા જોઈએ. સત્કર્મો ત્રણ પ્રકારમાં વહેંચવામાં આવ્યા છે. (૧) ઈષ્ટકર્મ (૨) પૂર્તિકર્મ (૩) દત્તકર્મ. ગૃહસ્થાશ્રમમાં આ ત્રણ પ્રકારના કર્મો મનુષ્યે કરવા જોઈએ.

**(૧) ઈષ્ટ કર્મ :–** પ્રતિદિન અગ્નિહોત્ર યાગ કરવો તથા શારીર, વાચિક તથા માનસ તપ કરવું તથા સત્યનું પાલન કરવું. વૈદિક શિક્ષા ગ્રહણ કરવી. અતિથિનો સત્કાર, વૈશ્વદેવ યજ્ઞ (પંચ મહાયજ્ઞ) કરવા

તેને ઈષ્ટકર્મ કહેવામાં આવે છે.

અગ્નિહોત્ર કર્મ એટલે રોજ સવાર સાંજ આહુતી આપવી અને અગ્નિને બુઝાવવાની નહી તે ભારી રાખવાની વિધિ છે. અગ્નિહોત્રનું અનુષ્ઠાન એ મનુષ્યે રોજ કરવું જોઈએ. આજે આપણે સવાર - સાંજ રોજ દીવો કરીએ છીએ તે અગ્નિહોત્ર કર્મનું પ્રતિક છે.

અતિથિનો સત્કાર એ ગૃહસ્થાશ્રમનું પ્રધાન કર્મ છે. પાંચ પ્રકારના પાપની નિવૃત્તિ માટે પાંચ મહાયજ્ઞ કરવા એને વૈશ્વદેવયજ્ઞ (પંચ મહાયજ્ઞ) કહેવાય છે.

જે રોજ થતાં અનિવાર્ય પાપ છે. જેમ કે (૧) શાક તથા ફળ વગેરે સુધારતી વખતે (૨) ખાંડતી વખતે (૩) ચૂલો સળગાવતી વખતે (૪) પાણી ભરતી વખતે (૫) સાફ સફાઈ કરતી વખતે. આ પાંચ પ્રકારના પાપની નિવૃત્તિ માટે પાંચ મહાયજ્ઞ કરવા જોઈએ. તો જ મનુષ્ય પૂર્ણ પણે અહિંસક થઈ શકે છે. રોજ થતાં પાંચ પ્રકારના કર્મ વડે હિંસા ન કરવા ઈચ્છતા છતાં થઈ જાય છે. આ પાપને દૂર કરવા જોઈએ તો જ વૈદિક વિચારધારા પ્રમાણે સંપૂર્ણ અહિંસક થઈ શકાય છે.

પાંચ મહાયજ્ઞ (૧) દેવયજ્ઞ (૨) બ્રહ્મયજ્ઞ (૩) પિતૃયજ્ઞ (૪) ભૂતયજ્ઞ (૫) મનુષ્ય યજ્ઞ. આ પ્રકારે છે.

**(૧) દેવયજ્ઞ :–** ઈન્દ્ર વગેરે દેવતાઓને માટે હવ્ય પ્રદાન કરવું તે દેવયજ્ઞ કહેવાય.

**(૨) બ્રહ્મયજ્ઞ :–** વૈદિક સંસ્કૃત સાહિત્ય તથા શિક્ષાનો પ્રચાર પ્રસાર કરવામાં ધનનો ઉપયોગ કરવો તે બ્રહ્મયજ્ઞ કહેવાય.

**(૩) પિતૃયજ્ઞ :–** પિતૃઓને માટે શ્રાદ્ધ, તર્પણ, પિંડદાન કરવું તે પિતૃયજ્ઞ કહેવાય છે.

**(૪) ભૂતયજ્ઞ :–** મનુષ્ય સહિત સર્વ પ્રાણીઓને માટે અન્નજળની વ્યવસ્થા કરવી તે ભૂતયજ્ઞ કહેવાય છે.

**(૫) મનુષ્ય યજ્ઞ :–** અતિથિનો સત્કાર કરવો તે મનુષ્ય યજ્ઞ કહેવાય છે.

આ પ્રમાણે ગૃહસ્થાશ્રમના કર્મ થાય તો ગૃહસ્થાશ્રમ ધન્ય બની જાય. ગૃહસ્થાશ્રમનું બીજા પ્રકારના સત્કર્મો પૂર્તકમ છે.

**(૨) પૂર્તકર્મ :–** ગૃહસ્થાશ્રમમાં જે ધન કમાઈને મેળવીએ છીએ એ ધન દ્વારા લોકોનું ભલુ થાય તેવા કર્મ કરવા જોઈએ. જેમ કે જળની વ્યવસ્થા કરવી. આજે ઘણી જગ્યાએ નિઃશુલ્ક જળ મળવું જોઈએ એના બદલે જળના પણ પૈસા આપવા પડે છે. મનુષ્યે પશુપક્ષી માટે જળની વ્યવસ્થા કરવી જોઈએ. જો કોઈ પશુપક્ષી જળવિહિન મરે તો તેની આજુ-બાજુના ગામના, ઘરના લોકોને દોષ લાગે છે તેનું ફળ ગામને, ઘરના લોકોને ભોગવવું પડે છે તેમ ભૂખ્યા મરે તો પણ તેવું જ પાપ છે ઘણા દુઃખો એવા હોય કે સમૂહમાં ભોગવવા પડે છે. જે ઉપરના બતાવ્યા પ્રમાણે દોષને લીધે થાય છે. ગામમાં અથવા આજુબાજુમાં પશુ-પક્ષીઓ ભૂખ્યા કે તરસથી મરે તો તેનો દોષ તે મનુષ્યને લાગે છે. લોકો દેવ આરાધન કરી શકે એ માટે મંદિર, આશ્રમ બંધાવવા જોઈએ. અન્નક્ષેત્રમાં ધનનો ઉપયોગ કરવો તથા તિર્થોમાં જઈએ ત્યારે આરામથી રહી શકાય તેવી ધર્મશાળા વગેરે બંધાવવા જોઈએ. આ પૂર્તકર્મ કહેવાય છે.

**(૩) દત્તકર્મ :–** શરણાગતની રક્ષા કરવી, યોગ્ય અધિકારીને ધન તથા વસ્ત્ર આપવુ, તથા કોઈ જીવની હિંસા ન કરવી. તે દત્તકર્મ કહેવાય છે.

આ ત્રણેય પ્રકારના કર્મ વૈદિક સિદ્ધાંત પ્રમાણે ગૃહસ્થાશ્રમમાં મનુષ્યે કરતા રહેવું જોઈએ.

નિષ્કામભાવે મનુષ્ય આ કર્મ કરે તો અંતઃકરણ શદ્ધ થાય અને તો સત્ય અને અસત્યનો ખ્યાલ આવે. નિત્ય અને અનિત્યનો ખ્યાલ આવે. જેને સત્ અસત્નો વિવેક છે એ જાગેલો કહેવાય અને જાગેલો વ્યકિત પદાર્થને જોઈ શકશે. મનષ્ય જન્મ જીવને જાગવા માટે છે. ખોટા કર્મકાંડ, ખોટી ઉપાસના જેનો કોઈ આધાર ન હોય, જેનો કોઈ શાસ્ત્રમાં ઉલ્લેખ ન હોય તેનો ત્યાગ કરવો.

વેદ જે કર્મનો નિષેધ કરે છે તેનું અનુષ્ઠાન થાય તે પાપ કર્મ છે. આપણે વેદની વિચારધારા પ્રમાણે ચાલવું જોઈએ. ખોટા કર્મ ખોટી ઉપાસનાથી બચવું જોઈએ. જેનાથી મનુષ્યનું કલ્યાણ થાય એવા ગુરૂમાં જ નિષ્ઠા રાખી ગુરૂ કહે તેમ કરીએ તો જ આપણે આત્મજ્ઞાનના અધિકારી થઈ શકીશુ.


ગીતાના છઠ્ઠા અધ્યાયમાં બતાવ્યા પ્રમાણે ચાલે તે જ ધ્યાન કરી શકે છે.

યોગારૂઢ થયેલો મનુષ્ય ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી સંન્યાસનો અધિકારી થઈ શકે છે તેને જ મુમુક્ષુ કહેવામાં આવે છે. અને મોક્ષ મનુષ્ય જીવનમાં જ થઈ શકે છે ગૃહસ્થાશ્રમમાં કર્મ કરતા કરતા અંતઃકરણ શુદ્ધ થાય પછી જ મુમુક્ષુ થઈ શકાય છે.

ભગવાન શંકરાચાર્યએ વૈદિક પરંપરા પ્રમાણે જ બતાવ્યુ છે. વેદોના સિદ્ધાંત પ્રમાણે જ ચાલ્યા છે. મુમુક્ષુ વ્યકિત આ ચાર સાધન વિવેક, વૈરાગ્ય, શમ, દમ આદિ ષટ્સંપત્તિ અને મુમુક્ષત્વ જે છે એ સંપન્ન થયા પછી જ તત્ત્વબોધનો અધિકારી બને છે અને તત્ત્વબોધ વિના સંસારની નિવૃત્તિ સંભવ નથી.

ગુરૂ અને વૈદિક સિદ્ધાંતમાં જ નિષ્ઠા રાખવી જોઈએ. સાચુ જાણવા માટે પ્રમાણનો વિચાર કરવો. એનાથી જ આપણુ અને આપણા પરિવારનું કલ્યાણ થાય છે.

## વક્તા - પ.પૂ. સ્વામીશ્રી પ્રકાશાનંદ ગીરીજી મહારાજ વેદાન્તાચાર્ય



:: પ્રવક્તાશ્રી ::

### ''શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ જ્ઞાનયજ્ઞ'' મુ. ઓલપાડ

- કથા પ્રારંભ :- ચૈત્રસુદ એકમ શનિવાર તા. ૨૧/૩/૨૦૧૫
- કૃષ્ણ જન્મોત્સવ :- ચૈત્રસુદ છઠ્ઠ બુધવાર તા.૨૫/૩/૨૦૧૫
- ગોવર્ધન પુજા અને રૂક્ષ્મણી વિવાહ :- ચૈત્રસુદ સાતમ ગુરૂવાર તા.૨૬/૩/૨૦૧૫
- કથા પૂર્ણાહૂતિ :- ચૈત્રસુદ આઠમ શુક્રવાર તા. ૨૭/૩/૨૦૧૫
- કથા સમય :- બપોરે ૨:૦૦ થી ૬:૦૦ કલાક
- સ્થળ :- મું. ઓલપાડ, જિ. સુરત. ઠે. કરશનપુરા સરકારી દવાખાના સામે
- આયોજક :- શ્રી કમલેશભાઈ ભગવાનદાસ સોની
  શ્રી હર્ષદભાઈ નારાયણભાઈ પટેલ
  શ્રી કૌશિકભાઈ પટેલ　　શ્રી દિનેશભાઈ પટેલ

### ''શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ જ્ઞાનયજ્ઞ'' મુ. પાસોદરા, સુરત.

- કથા પ્રારંભ : ચૈત્રવદ એકમ ને રવિવાર તા.૫/૪/૨૦૧૫
- કૃષ્ણ જન્મોત્સવ : ચૈત્રવદ પાંચમ ને ગુરૂવાર તા.૯/૪/૨૦૧૫
- ગોવર્ધન પૂજા અને રૂક્ષ્મણી વિવાહ : ચૈત્રવદ છઠ્ઠ ને શુક્રવાર તા.૧૦/૪/૨૦૧૫
- કથા પૂર્ણાહુતિ : ચૈત્રવદ સાતમને શનિવાર તા.૧૧/૪/૨૦૧૫
- કથા નો સમય : બપોરે ૨:૦૦ થી ૬:૦૦ કલાક
- કથા સ્થળ : શ્યામનગર સોસાયટી પાસોદરા પાટીયા, કામરેજ ચાર રસ્તા.
- આયોજક :- શ્રી મનજીભાઈ ભવાનભાઈ વઘાસિયા　　શ્રી કાળુભાઈ જસમતભાઈ વઘાસિયા
  શ્રી રમેશભાઈ ખોડાભાઈ વઘાસિયા　　શ્રી સંજયભાઈ વિઠ્ઠલભાઈ વઘાસિયા
  શ્રી વિપુલભાઈ વિઠ્ઠલભાઈ વઘાસિયા

### ''શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ જ્ઞાનયજ્ઞ'' મુ. મોટા ઈશનપુર

- કથા પ્રારંભ : વૈશાખ સુદ એકમને રવિવાર તા.૧૯/૪/૨૦૧૫
- કૃષ્ણ જન્મોત્સવ : વૈશાખ સુદ પાંચમને ગુરૂવાર તા.૨૩/૪/૨૦૧૫
- ગોવર્ધન પૂજા અને રૂક્ષ્મણી વિવાહ : વૈશાખ સુદ છઠ્ઠને શુક્રવાર તા. ૨૪/૪/૨૦૧૫
- કથા પૂર્ણાહુતિ : વૈશાખ સુદ સાતમને શનિવાર તા. ૨૫/૪/૨૦૧૫
- સ્થળ : શ્રી માધવાનંદ આશ્રમ, મું.મોટા ઈશનપુર, તા./જિ. ગાંધીનગર.
- આયોજક :પટેલ રાજુભાઈ રામાભાઈ મુખી તથા પટેલ રીટાબેન રાજુભાઈ

### ''શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ જ્ઞાનયજ્ઞ'' મુ. અરણેજ.

- કથા પ્રારંભ :- વૈશાખ વદ એકમને મંગળવાર તા.૫/૫/૨૦૧૫
- કૃષ્ણ જન્મોત્સવ :- વૈશાખ વદ પાંચમને શનિવાર તા.૧૦/૫/૨૦૧૫
- ગોવર્ધન પૂજા અને રૂક્ષ્મણી વિવાહ :- વૈશાખ વદ પાંચમને શનિવાર તા.૧૦/૫/૨૦૧૫
- કથા પૂર્ણાહુતિ :- વૈશાખ વદ આઠમને સોમવાર તા.૧૧/૫/૨૦૧૫
- સ્થળ :- શ્રી માધવાનંદ આશ્રમ, મહાકાળીનું મંદિર, મુ. અરણેજ, તા. કોડીનાર, જી. ગીર સોમનાથ.
- આયોજક :- દેવિસિંહ રામસિંહ જાદવ તથા જાદવ પરિવાર મો ૯૩૭૭૭ ૬૧૧૧૬, ૯૪૨૯૧ ૫૮૩૪૩





### પિતૃઓના મોક્ષાર્થે અખંડ આનંદ ધામમાં

# શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ સરીતા

આનંદ સહ જણાવવાનું કે કર્તુમ અકર્તુમ અન્યથા કર્તુમ સમર્થ એવા સચ્ચિદાનંદ પરમ કૃપાળુ કૃષ્ણ પરમાત્માના આશીર્વાદ તથા અમારા સદ્ગુરૂ ભગવાનની અસીમ કૃપાથી નર્મદા મૈયાની ગોદમાં ગુજરાતનું દક્ષિણ પ્રયાગ એવા ચાણોદ તીર્થધામમાં સવંત ૨૦૭૧ વૈશાખ વદ ૧ ને મંગળવાર તા. ૫/૫/૨૦૧૫ ના શુભ દીવસે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ સરીતાનું સુંદર આયોજન કરવાનું અમોને સદ્ભાગ્ય સાંપડયુ છે. **પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય** વ્યાસપીઠ પર બીરાજી કર્મ, ભક્તિ અને જ્ઞાનથી ભરપુર સરળ ગુજરાતી ભાષામાં અમૃતમય રસપાન કરાવશે આ અવસર પર જ્ઞાનગંગાનો લાભ લેવા અમારૂ ભાવભર્યુ નિમંત્રણ છે.

**:: કથાના પ્રસંગો ::**

- પોથી યાત્રા : મંગળવાર તા. ૫/૫/૨૦૧૫ સવારે ૮.૦૦ કલાકે
- કથા પ્રારંભ : મંગળવાર તા.૫/૫/૨૦૧૫ સવારે ૯:૩૦ કલાકે
- શ્રી કૃષ્ણ જન્મોત્સવ : શનિવાર તા.૯/૫/૨૦૧૫ સાંજે ૪:૩૦ કલાકે
- કથા પૂર્ણાહુતિ : સોમવાર તા.૧૧/૫/૨૦૧૫ સવારે ૧૦:૩૦ કલાકે
- કથાનો સમય : સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ બપોરે ૩:૩૦ થી ૬:૩૦

**નિમંત્રક :** શ્રી દીયાળભાઈ વશરામભાઈ ભાયાણી — શ્રી પ્રકાશભાઈ દીયાળભાઈ ભાયાણી
શ્રી દિપકભાઈ દીયાળભાઈ ભાયાણી — શ્રી દીલીપભાઈ દીયાળભાઈ ભાયાણી
મો. ૯૮૨૫૨ ૧૪૭૦૫, ૯૮૨૫૬ ૬૩૫૩૬ — (ગામ-દેપલા) હાલ સુરત

**કથા શ્રવણ દરમિયાન સવાર, બપોર અને સાંજે ભોજન પ્રસાદ તેમજ ઉતારાની વ્યવસ્થા રાખેલ છે.**

**:: કથા સ્થળ ::**

અખંડ આનંદ ધામ, શ્રી માધવાનંદ આશ્રમ, મું. ચાણોદ, તા. ડભોઈ, જિ. વડોદરા, ગુજરાત, ફોન. ૦૨૬૬૩ ૨૩૩૩૬૨




### પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ

- તા.૬/૪/૨૦૧૫ થી ભિંગરાડ (જિ. અમરેલી)
- તા.૧૫/૪/૨૦૧૫ થી ખાંધલી
- તા.૨૨/૪/૨૦૧૫ થી જીવાપર (તા. કડી)
- તા.૪/૫/૨૦૧૫ થી અમદાવાદ, બાપુનગર

**શ્રીમદ્ દેવી ભાગવત જ્ઞાનયજ્ઞ**

- પોથી યાત્રા : તા.૪/૫/૨૦૧૫ સમય : ૨.૩૦ PM
- કથાનો પ્રારંભ : તા. ૪/૫/૨૦૧૫
- કથાનો સમય : રોજ ૩:૦૦PM થી ૬:૦૦ PM
- કથાની પૂર્ણાહુતિ તા.૧૨/૫/૨૦૧૫, સમય : ૫:૩૦ PM
- આયોજક તથા કથા સ્થળ : ભોજલ રામ સત્સંગ મંડળ, બાપુનગર, અમદાવાદ

# સત્સંગ સમાચાર



**:: પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજીશ્રીનો કાર્યક્રમ ::**

- તા. ૨-૪-૨૦૧૫ ના રોજ વડોદરા થી દિલ્હી
- તા. ૬-૪-૨૦૧૫ દિલ્હી થી હરદ્વાર
- તા. ૯-૪-૨૦૧૫ દિલ્હી
- તા. ૧૩-૪-૨૦૧૫ દિલ્હી થી વડોદરા થઈ ચાણોદ
- તા. ૧૪-૪-૨૦૧૫ વલસાડ-બરુમાલ
- તા. ૧૬-૪-૨૦૧૫ ચાણોદ
- તા. ૨૧-૪-૨૦૧૫ ચોગઠ પરમ પૂજ્યશ્રી ૧૦૦૮ સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રીનો ફોટો નૂતન આશ્રમમાં પધરાવવાનો. (સાંજે ચાણોદ)
- તા. ૨૯-૪-૨૦૧૫ પરમ પૂજ્ય બ્રહ્મલીન સદ્‌ગુરૂ સ્વામીશ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર અખંડાનન્દ સાગરજી મહારાજશ્રીનો ૧૫ મો નિર્વાણ જયંતિ મહોત્સવ ચાણોદ શ્રી માધવાનંદ આશ્રમમાં ઉજવાશે.

## ચાણોદ ગામમાં અખંડ આનંદ ધામમાં

# '૧૫' મો નિર્વાણ જયંતિ મહોત્સવ

જય શ્રી સચ્ચિદાનંદ સાથ જણાવવાનું કે આ વર્ષે અનન્ત કોટી બ્રહ્માંડનાયક સચ્ચિદાનંદ પરમાત્માની અસીમ કૃપાથી પરમ પૂજ્ય પ્રાત સ્મરણીય સચ્ચિદાનંદ સ્વરૂપ શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજ શ્રીના શુભ આશિર્વાદથી તેમજ માં ભગવતી નર્મદા મૈયાની પાવનકારી ગોદમાં તેમજ ધર્મધુરંધર સ્વામી શિવોહંસાગર અન્નક્ષેત્રના પવિત્ર સ્થાનમાં પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી મત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ **શ્રી૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રીઅખંડાનંદ સાગરજી મહારાજ શ્રીનો ''૧૫''મો નિર્વાણ જયંતિ મહોત્સવ** સંવત ૨૦૭૧ વૈશાખ સુદ ૧૧ ને બુધવાર તા. ૨૯/૦૪/૨૦૧૫ ના શુભ દિવસે ગુજરાતનું દક્ષિણ પ્રયાગ એવા ચાણોદ ગામના આંગણે પરમ પૂજ્ય શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ **શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રીજગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય** શ્રીની અધ્યક્ષતામાં ધામધૂમથી ઉજવાશે.

## નિર્વાણ જયંતિ મહોત્સવ દિન કાર્યસુચિ તા. ૨૯/૦૪/૨૦૧૫ ને બુધવાર

- પ્રાતઃ પ્રભાતિયા :- ૫:૦૦ થી ૫:૩૦
- શ્રી ગુરૂગીતાનો પાઠ :- ૫:૩૦ થી ૭:૩૦
- ચા, પાણી, નાસ્તો :- ૭:૩૦ થી ૮:૦૦
- શ્રી સદ્‌ગુરૂ પૂજન :- ૮:૦૦ થી ૯:૦૦
- સંતોનુ સ્વાગત સન્માન :- ૯:૦૦ થી ૯:૩૦
- મહાપુરૂષોનું પ્રવચન :- ૯:૩૦ થી ૧૨:૩૦
  વિષય :- ગુરૂભક્તિ
- મહાપ્રસાદ :- ૧૨:૩૦ થી ૨:૦૦

**નિમંત્રક :–** શ્રી લવજીભાઈ લાલજીભાઈ માંગુકિયા (મો. ૯૮૯૮૩ ૭૬૬૬૧)
શ્રી અનિલભાઈ લવજીભાઈ માંગુકિયા (મો. ૯૮૭૯૧ ૪૬૬૧૪)
શ્રી નિલેશભાઈ લવજીભાઈ માંગુકિયા (મો. ૯૭૨૭૫ ૨૩૭૯૯)

**(ગામ દડવા – રાંદલના) હાલ સુરત, માંગુકિયા પરિવારના જય સચ્ચિદાનંદ**

**:: મહોત્સવ સ્થળ ::**

અખંડ આનંદ ધામ, શ્રી માધવાનંદ આશ્રમ, મું. ચાણોદ, તા. ડભોઈ, જિ. વડોદરા, ગુજરાત, ફોન. ૦૨૬૬૩ ૨૩૩૩૬૨



પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય
તા. ૦૮-૦૩-૨૦૧૫ થી ૧૨-૦૩-૨૦૧૫ સુધી શ્રી માધવાનંદ આશ્રમ ભાવનગર સેવક ભાઈ-બહેનોને
સંતસંગનો લાભ આપ્યો હતો.

**: સૌજન્ય :**

**શ્રી લવજીભાઈ લાલજીભાઈ માંગુકિયા**

**શ્રી અનિલભાઈ લવજીભાઈ માંગુકિયા  શ્રી નિલેશભાઈ લવજીભાઈ માંગુકિયા**

(ગામ-દડવા રાંદલ) હાલ સુરત

**માંગુકિયા પરિવારના જય સચ્ચિદાનંદ**

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2016
POSTAL REGI. NO. SRT-771/2014-16
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH

Printed Book



પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય તા. ૦૮-૦૩-૨૦૧૫ થી ૧૨-૦૩-૨૦૧૫ સુધી શ્રી માધવાનંદ આશ્રમ કાળીયાબીડ, ભાવનગર સેવક ભાઈ-બહેનોને સંતસંગનો લાભ આપ્યો હતો.

**BOOK POST**

પૃષ્ઠ ૨૪

**If Not Delivered Please Return To :-**
: મુખ્ય કાર્યાલય :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર-૧,
કતારગામ રોડ, સુરત-૩૯૫ ૦૦૪.
ફોન નં.:- ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-